જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૨૬-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વડાપ્રધાને પંડિત મદનમોહન માલવીયાની પ્રતિમાને ફૂલહાર કરી રોડ શૉ કર્યો

વારાણસીમાં રોડ શો થકી 'નમો'નું શક્તિપ્રદર્શનઃ આજે ઉમેદવારી પત્ર ભરશે

રોડ શૉમાં જંગી જનમેદની ઉમટી,મોદી-મોદીના નારા લાગ્યા,વડાપ્રધાનનું ઠેર-ઠેર ફૂલોથી સ્વાગત કરાયું,ભાજપના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા,આ રોડ શૉ બીએચયુથી શરુ થયો હતો જે અંદાજે ૬ કિમી જેટલો લાંબો હતો

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના સંસદીય વિસ્તાર વારાણસીમાં ગુરુવારે એક મોટો રોડ શો કર્યો હતો. આ રોડ શોમાં કેન્દ્ર સરકારના અનેક વરિષ્ઠ મંત્રી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. મોદી શુક્રવારે વારાણસી સીટ પરથી પોતાનું ઉમેદવારી પત્ર દાખલ કરશે.

રોડ શો દરમિયાન બીએચયુના સંસ્થાપક પંડિત મદન મોહન માલવીયની પ્રતિમા પર ફુલહાર કર્યા હતા. આ રોડ શો અંદાજે ૬ કિમી લાંબો હતો. જે શહેરના લંકા વિસ્તારથી લઈને ગુદોલિયાથી દશાશ્વમેઘ ઘાટ સુધી ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ વારાણસીમાં મેગા રોડ શો પહેલા ટ્વિટ કર્યું છે અને લખ્યું કે દરભંગા અને બાંદામાં બમ્પર રેલી બાદ પ્યારી કાશી તરફ જઈ રહ્યો છે. જ્યાં ઘણા કાર્યક્રમો છે જેના માધ્યમથી ફરિ એક વાર મને કાશીના ભાઈઓ અને બહેનો સાથે વાતચીત કરવાની તક મળશે. હર-હર મહાદેવ.





૨૬ એપ્રિલ એટલેકે આવતીકાલના રોજ વડાપ્રધાન પહેલા હોટલ ડિ પેરિસમાં બૂથ અધ્યક્ષો અને પદાધિકારીઓ સાથે બેઠક કરશે. ત્યાંથી કાલ ભૈરવ મંદિર જઈને બાબા કાલ ભૈરવના દર્શન કરશે અને ત્યારબાદ તેઓ પોતાનું ઉમેદવારી પત્ર ભરવા માટે જશે. વડાપ્રધાન જયારે ઉમેદવારી પત્ર ભરવા જશે ત્યારે એનડીએ ઘટક દળોના નેતા તેમની સાથે જોડાશે. બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર, લોક જનશક્તિ પાર્ટીના નેતા રામ વિલાસ પાસવાન, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનો પણ એમાં સમાવેશ થાય છે. આ સિવાય પાંચ રાજ્યોના મુખ્ય પ્રધાનો પણ વડાપ્રધાન સાથે જોડાશે.

મહત્વનું છે કે કાશી વિશ્વનાથ મહાદેવની તપોભૂમિ વારાણસી લોકસભા બેઠક પરથી વડાપ્રધાન મોદી ભાજપનાં ઉમેદવાર છે. આ બેઠક પરથી કોંગ્રેસનાં મહાસચિવ અને પૂર્વીય યુપીનાં પ્રભારી પ્રિયંકા ગાંધી ચૂંટણી લડશે તેવી અટકળો ચાલતી હતી. જો કે તમામ ચર્ચાઓ અને અટકળો પર પુર્ણવિરામ મુકાઈ ગયું છે. વડાપ્રધાન નોદી સામે કોંગ્રેસમાંથી અજય રાય ચૂંટણી લડશે. ૨૦૧૪ની ચૂંટણીમાં પણ અજય રાય મોદી ચૂંટણી લડ્યા હતાં.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

સીજેઆઇ યૌન ઉત્પીડન કેસઃ ષડ્યંત્રની તપાસ કરશે સુપ્રિમના પૂર્વ જજ એ.કે.પટનાયક

તાકાતવાર અને અમીર લોકોના રિમોટથી દેશની સુપ્રીમ કોર્ટ નહીં ચાલે : સુપ્રિમ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર જાતિય શોષણના આક્ષેપો પાછળ મોટાપાયે ષડયંત્ર થયું હોવાનું બહાર આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે નિવૃત જજ એ.કે. પટનાયકને આ મામલે તપાસ સોંપવામાં આવી છે. આ સાથે જ કેસની તપાસમાં સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB) તપાસમાં મદદ કરશે.

જસ્ટિસ અરૂણ મિશ્રાની વડપણ હેઠળની બેંચે ગયા સપ્તાહે વકીલ ઉત્સવ બૈંસના સોગંદનામાને ધ્યાન પર લીધું હતું જેમાં ચીફ જસ્ટિસ ગોગોઈને બદનામ કરવાનું ષડયંત્ર હોવાના કેટલાક પુરાવા બંધ કવરમાં સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ મામલે બુધવારે સુપ્રીમ કોર્ટના જજે સીબીઆઈ, આઈબી અને દિલ્હી પોલીસ વડાને ચેમ્બરમાં બોલાવી એક કલાક બંધ બારણે ચર્ચા કરી હતી.

બૈંસે પોતાના સોંગદનામાં એમ જણાવ્યું છે કે કેટલાક શક્તિશાળી તત્વો ચીફ જસ્ટિસ પર આક્ષેપો કરીને તેમને બળપૂર્વક રાજીનામું અપાવવા પ્રયાસ કરે છે. સુપ્રીમ કોર્ટની કામગીરીમાં છીંડા છે અને વહીવટી સ્તરે તેમજ કેટલાક વકીલો વચ્ચે સાંઠગાંઠ પણ છે.

ત્યારબાદ ગુરુવારે આ કેસમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરૂણ મિશ્રાએ વધુમાં જણાવ્યું કે, 'અમે લોકોને સંદેશ આપવા ઈચ્છીએ છીએ કે દેશના અમીરો અને શક્તિશાળી લોકો ક્યારે કોર્ટનું નિયંત્રણ ના મેળવી શકે. આગ સાથે રમવાનો પ્રયાસ ના કરો. હાથ દાઝી જશે.' ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ સામે યૌન ઉત્પિડનના આરોપ અને ષડયંત્રના દાવા સાથે જોડાયેલા કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટની ખંડપીઠે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દેશની વડી અદાલત તાકાતવાર અને અમુક પૈસાદાર લોકોની મરજી પ્રમાણે કામ ન કરી શકે. કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે કે છેલ્લા ત્રણ ચાર વર્ષથી સુપ્રીમ કોર્ટને સતત નિશાન બનાવવામાં આવી રહી છે. આખરે આ દેશમાં શું થઈ રહ્યું છે?



BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47



BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

જોઇએ છે
માર્કેટિંગ એક્ઝિક્યુટીવ
જંગ-એ-ગુજરાત
અખબારના વેબ પોર્ટલ
www.jungegujarat.in
માટે ગુજરાતના તમામ સ્થળે
કમિશનથી જાહેરાત લાવી શકે તેવા
વ્યક્તિઓની તાત્કાલિક નિમણૂંક
કરવાની હોય સંપર્ક કરો.
7574888861

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર
જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર
અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહી
સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક ફોન અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

ભાજપ સાત બેઠકો ગુમાવશે તો રૂપાણી,પટેલ,વાઘાણીની વિદાય નિશ્ચિત..!?

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ સરકાર-ભાજપ સંગઠનમાં મોટી રાજકીય ઉથલપાથલના સંકેત

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ હવે સચિવાલયમાં અને રાજકીય વર્તુળોમાં સરકાર અને સંગઠનને લઈને વિવિધ અટકળો અને ચર્ચા થઈ રહી છે. આધારભૂત સૂત્રો જણાવે છે કે હાલમાં ગુજરાત સરકાર અને સંગઠનમાં ફેરફાર થાય તેવી પૂરી શક્યતાઓ રહેલી છે. જોકે અત્યારે પણ જો અને તોની સ્થિતિ છે એટલે કે જો ભાજપ ગુજરાતની ૨૬માંથી સાત કે તેથી વધુ બેઠકો ગુમાવે તો હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી હકાલપટ્ટી નિશ્ચિત રીતે કરાશે એવી વાતો છે, પરંતુ જો ભાજપ સાતથી ઓછી બેઠક ગુમાવશે તો ધરખમ ફેરફારો કરવા કે નાના-મોટા ફેરફાર કરવા તેનો નિર્ણય પણ તે સમયે જ લેવાશે પરંતુ લોકસભાના પરિણામો બાદ ગુજરાતમાં સરકાર અને સંગઠનમાં ફેરફારો કરવાનું મન ભાજપ હાઈકમાન્ડે બનાવી લીધું છે.

૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. એ વખતના મુખ્યમંત્રી મોદી વડાપ્રધાન થતા તેઓના ગયા બાદ આનંદીબેન પટેલને મુખ્યમંત્રી બનાવ્યા હતા. ત્યારબાદ પાટીદારોનું આંદોલન થતાં તેમને ખસેડીને વિજય રૂપાણી અને મુખ્યમંત્રી બનાવ્યા હતા. ૨૦૧૭ની ચૂંટણીમાં પણ ભાજપને પાતળી બહુમતી મળવા છતાં તેમને જ મુખ્યમંત્રી તરીકે ચાલુ રખાયા હતા.પરંતુ હવે જો લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપનું ધોવાણ ચાલુ રહેશે તો ભાજપ હાઈકમાન્ડ ગુજરાતના તેના ટોચના ત્રણેય નેતાઓની હકાલપટ્ટી કરી શકે છે. કારણ કે ઓછી બેઠક મળવા પાછળ આ ત્રણેયની જવાબદારી આવે છે.

ઉપરાંત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વચ્ચે પણ છેલ્લા બે વર્ષથી ઠંડું યુદ્ધ ચાલી રહ્યું છે. નીતિન પટેલ અનેક ફાઈલો દબાવીને બેઠા હોવાની પણ ફરિયાદો અવારનવાર થતી હોય છે. તેઓ કોઈનું માનતા નથી અને વિજય રૂપાણીએ હજુ પણ વહીવટી તંત્ર ઉપર જોઈએ એવો કાબુ મેળવ્યો નથી જ્યારે સંગઠન મજબૂત કરવાની તેમજ સરકારની સાથે સંકલન અને તાલમેલ રાખવાની જવાબદારી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની છે જેમાં તેઓ સંપૂર્ણ નિષ્ફળ ગયા છે.

નાના-મોટા કાર્યકરો અને આગેવાનો પક્ષમાં હોવા છતાં નિષ્ક્રિય રહે છે. બેઠકોની ફાળવણી બાદ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં અને અસંતુષ્ટો બહાર આવ્યા હતા. તેઓએ પણ ભાજપના ઉમેદવારને હરાવવા માટે કાર્યવાહી કરી હતી. જીતુ વાઘાણીની નીતિ અને સ્વભાવને કારણે પણ સિનિયર આગેવાનો પક્ષથી દૂર થઈ રહ્યા છે. તેવી ચર્ચા પણ છે કે ચૂંટણી પહેલા જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જીતુ વાઘાણીને પણ ખખડાવ્યા હતા. આવી સ્થિતિમાં જો ભાજપની બેઠકો ઘટે તો હાઈકમાન્ડને ગુજરાતમાં ધરખમ ફેરફારો કરવાની ફરજ પડશે કારણ કે જો આ જ ટીમ ચાલુ રાખશે તો વિધાનસભાની ૨૦૨૨માં યોજાનારી ચૂંટણીમાં ભાજપને ત્રણ દાયકા પછી સત્તા ગુમાવવાનો વારો આવે એવી ભીતિ છે.

આથી પાણી પહેલા પાળ બાંધવા માટે ભાજપ લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ ગુજરાતની નેતાગીરી માટે આકરા નિર્ણયો લઈ શકે છે. ધરખમ ફેરફાર ઉપરાંત મંત્રીમંડળમાં પણ ફેરબદલ કરાશે. કેટલાક મંત્રીઓને હાંકી કાઢવામાં આવશે તો અમુક નવા ધારાસભ્યને મંત્રીમંડળમાં સ્થાન મળશે. આ જ રીતે સંગઠનમાં પણ મોટા ફેરફારો કરાશે. ગુજરાતના રાજકારણમાં આગામી દિવસોમાં મોટી ઉથલપાથલ થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

ભીમાસર (ભુ) પીએચસી ખાતે વિશ્વ મલેરીયા દિવસ ની ઉજવણી



રાપર તાલુકાના ભીમાસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ મલેરીયા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમા ડો પોલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ ડો મૈત્રીબેન તેમજ ડો હેનલ જોષી તેમજ મલેરીયા સુપરવાઈઝર દાનાભાઈ ઠાકોર દ્વારા મલેરીયા વિશે ગ્રામજનો ને વિસ્તુત માહીતી આપી હતી તેમજ મલેરીયા અટકાયતી પગલા ગ્રામજનો દ્વારા શુ કરવુ જોઈએ તે વિશે માહિતગાર કર્યા હતા તેમજ પ્રવિણભાઈ પરમાર દ્વારા ગ્રામજનો અને આરોગ્ય વિભાગ બન્ને ના સહયોગ અને લોક ભાગીદારી થી ૨૦૨૨ સુધી મલેરીયા નાબુદ કરી શકીશું બાબત ઉપર ભાર મુકયો હતો અને કિજલબેન ધાનાણી દવારા આવનારા ચોમાસા મા રાખવા ના તકરારી પગલા વિશે વિસ્તુત માહીતી આપી હતી તેમજ બંસીબેન વાગડીયા એ પોરા કેવી રીતે થાય છે તેનુ ડેમોસ્ટ્રેશન ગામ લોકો ને બતાવ્યું હતુ. આરોગ્ય કર્મચારીઓ યોગેશભાઈ સોઢા પ્રવિણભાઈ પરમાર બંસીબેન વાગડીયા કિજલબેન ધાનાણી આશાબેન અર્ચનાબેન ભાનુબેન સુરેશભાઈ હંસાબેન તેમજ મહાદેવભાઈ બારડ વગેરે સ્ટાફ હાજર રહયો હતો. કાર્યક્રમ થી સમાપન વિધી યોગેશભાઈ સોઢા એ કરી હતી.

સુખપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા

મીરજાપરના "પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર" ખાતે ૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી



વિવિધ કોર્સમાં અભ્યાસ કરતા યુવાનો ગામના જાગૃત નાગરિક,આશા વર્કર બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મેલેરિયા રોગ વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી, અહી મચ્છરના પોરા પણ એક પાત્રમાં લાવીને નીરદર્શન કરવામાં આવ્યું હતું,આ સિવાય સંપૂર્ણ મેલેરિયા અંગેની માહિતી વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી.

આ પ્રોગ્રામમાં મેલેરિયા અંગેની પૂરતી માહિતી જિલ્લા પંચાયત મેલેરિયા શાખાના સુપરવાઈઝર જયેશભાઈ ભાનુશાલી દ્વારા આપવામાં આવી હતી.મેલેરિયાના રોગને ગુજરાતમાંથી ૨૦૨૨ સુધીમાં મુક્ત કરવાનો છે, આરોગ્ય વિભાગ,સરકારી તમામ વિભાગો,અને સૌથી મહત્વની પ્રજાની ભાગીદારી દ્વારા જ આ શક્ય બનશે,સૌને સંકલ્પ લેવડાવ્યા કે પોતે પોતાની આસપાસ પાણીનો સંગ્રહ હવા ચુસ્ત બંધ રાખશે. અને પોતાના ઘરની આસપાસ મચ્છર ઉપદ્ર સ્થાનોને ઓળખીને તેમા મચ્છરોની ઉત્પતિ ન થાય તે માટે પ્રયાસ કરવામાં આવશે.આ પ્રોગ્રામમાં સુખપર ઉઁઝના મેડિકલ ઓફિસર ડો. પુનિતા વાસણી,સુપરવાઈઝર સંદીપભાઈ ભાનુશાલી, ઉષાબેન, આરોગ્ય કર્મચારી હર્ષ બી. શાહ,આશાબેન પરમાર,ઈમ્તિયાજભાઈ ખોજા તથા આશા વર્કરની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ માટે "પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર× મીરજાપરની સર્વ ટિમ,જવાબદાર તમામ અધિકારી અને દાનવિરસિંહ દ્વારા ખુબ જ હકારાત્મક પ્રયાસ અને વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

આર્થીક સંકડામણથી કંટાળી પટેલ કારખાનેદારે આત્મહત્યા કરી.. પુત્ર અને પત્નીને પણ છરી મારી ...

રાજકોટ : શહેરમાં કોઠારીયા રોડના જીવરાજપાર્કમાં રહેતા કારખાનેદારે પત્ની અને ૧૯ વર્ષીય પુત્રના ગળાના ભાગે છરી મારી પોતે આપઘાત કરી લીધો છે. જેને લઈને સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ૪૫ વર્ષિય રાજેશભાઈ પટેલે પહેલા પત્ની અને પુત્રના ગળાના ભાગે છરી મારી હતી. ત્યાર બાદ પોતે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. ૪૫ વર્ષીય પત્ની સોનલ પટેલ અને ૧૯ વર્ષીય પુત્ર સાહિલ પટેલ હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયાં બંનેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણના કારણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.

બોર્ડર પર સેનાના ઑપરેશનને મજબૂત બનાવવા ચાર મોટી સુરંગો બનાવાશે

ન્યુ દિલ્હી

બોર્ડર પર સેનાના ઑપરેશનને મજબૂતી આપવા માટે ભારતે મેગા પ્લાન તૈયાર કર્યો છે. આ તૈયારીઓથી ભારતીય સેનાનું બોર્ડર પર મનોબળ ઘણુ ઉંચુ રહેશે કેમ કે સેનાને હવે ખરાબ પરિસ્થિતિમાં પણ હથિયાર અને ગોળા બારૂદ સપ્લાય કરવાને લઈને ટેન્શન રહેશે નહીં.

અત્યારના દિવસોમાં બોર્ડર પર વધી રહેલા જોખમમાં ભારત, ચીન અને પાકિસ્તાનની સરહદો પર પણ ચાર મોટી સુરંગો બનાવવા જઈ રહ્યા છે. જેમાં ત્રણ સુરંગો ભારત-ચીન બોર્ડર પર અને એક સુરંગ ભારત-પાકિસ્તાન બોર્ડર પર બનાવવામાં આવશે.

આ સુરંગોનું નિર્માણ ભારતીય સેનાના ઑપરેશનની તૈયારી હેઠળ કરવામાં આવી રહ્યુ છે. જેનાથી સેના સુધી હથિયાર અને ગોળા બારૂદ પહોંચાડવામાં સરળતા થશે એટલે જયારે પણ જરૂર પડશે ભારતીય સેના દુશ્મનોને જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર થશે. ભારત-ચીન બોર્ડર પર જે ત્રણ ટનલને બનાવવાની યોજના છે. તે સિક્કિમ અને અરૂણાચલ પ્રદેશના તવાંગમાં બનાવવામાં આવશે. મોસમના કારણે આ વિસ્તારમાં સેનાની કેટલીક પોસ્ટનો સંપર્ક લગભગ છ મહિના સુધી પોતાના હેડક્વાર્ટરથી તૂટી જાય છે.

હિટવેવના પગલે અ.મ્યુ.કો. દ્વારા બસસ્ટેન્ડ પર પાણી, બીઆરટીએસ સ્ટેન્ડ પર ઓઆરએસ વિતરણ

આજથી બે દિવસ તપશે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હિટવેવની અસર રહેશે

અમદાવાદમાં રેડ એલર્ટની આગાહી, સરકારી શાળાઓના સમયમાં ફેરફાર

અમદાવાદ

રાજ્યમાં ઉત્તર પશ્ચિમ તરફથી આવતા ગરમ પવનને લીધે અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે આકરા ગરમીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે. આજથી થી ૨૮ એપ્રિલ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં હિટવેવની અસર રહેશે. અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમરેલી સહિતમાં ગરમ પવનો ફૂંકાશે. અમદાવાદ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું. આજે અમદાવાદ ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચવાની હવામાન ખાતાએ આગાહી કરી છે અને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

આ કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક એડવાઈઝરી પણ જાહેર કરી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, રાત્રીના ૧૧ વાગ્યા સુધી હવે બાગ બગીચાઓ ખુલ્લા રહેશે. એસટી ડેપો પર પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત બીઆરટીએસના સ્ટેન્ડ પર ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવશે. નોંધનીય છે કે, ૧૦૨ લોકોને ગરમીની અસર થઈ હતી. જેમાં ૨૪ લોકો બેભાન થઈ ગયા હતા.

તો બીજી બાજુ હવામાન ખાતાની ઓરેન્જ અને રેડ એલર્ટની આગાહી બાદ અ.મ્યુ.કો. સંચાલિત શાળાઓના સમય ફેરફાર કરવામાં આવ્યો છે. ૫ મે સુધી ધોરણ ૧થી ૮નો સમય સવારે ૭થી ૧૧ કરવામાં આવ્યો છે. ત્યારે બાળકોને ૧૦:૩૦ કલાકે મધ્યાહન ભોજન આપવાનું રહેશે. કોર્પોરેશનની ૩૮૨ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હેલ્થ એક્સપર્ટસનું કહેવું છે કે, ગરમીમાં તમામ લોકોએ બહુ જ ધ્યાન રાખવાની જરૂર છે. તરસ ન લાગી હોય તો પણ પુષ્કળ માત્રામાં પાણી પીવું. ઓઆરએસ, લીંબુ પાણી, લસ્સી, છાશ, વરિયાળી શરબત વગેરેનું સતત સેવન કરવું. આછા રંગના, હળવા સુતરાઉ કપડા પહેરવા. બહાર નીકળતા સમયે ટોપી, છત્રી, સ્કાર્ફ, ગોગલ્સનો ઉપયોગ કરવો. તેમજ ફિલ્ડમાં ફરનારા લોકોએ સમયાંતરે છાયડામાં આરામ કરી લેવો. બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધી તડકામાં ન નીકળવું. રસોઈ કરતા સમયે બારી દરવાજા ખુલ્લા રાખવા. ખાવામાં ચા-કોફી કે અન્ય ગરમ પીણાં, તથા વાસી અને તળેલા ખોરાકનો ઉપયોગ ઓછો કરવો. કોઈ ખેંચ કે સ્ટ્રોકની બીમારી ના હોવા છતાં બેભાન થઈ જવું, બદલાયેલી માનસિક સ્થિતિ વગેર થવાની શક્યતા છે.

રાજસ્થાનના ઝાલોરમાં કોંગ્રેસ અધ્યક્ષનો વડાપ્રધાન મોદી પર વ્યંગ

મોદીએ ખોલાવેલાં બેંક ખાતામાં 'ન્યાય'ના પૈસા જમા થશેઃ રાહુલ ગાંધી

છેલ્લા પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીએ 'અન્યાય' કરતાં મેં યોજનાનું નામ 'ન્યાય' આપ્યું : રાહુલ

ઝાલોર

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર છેલ્લા પાંચ વર્ષમાં દેશના લોકો સાથે અન્યાય કરવાનો આરોપ લગાવ્યો છે. રાજસ્થાનના ઝાલોર યોજાયેલી ચૂંટણી સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસની સરકારની બનશે તો સૌની સાથે ન્યાય થશે અને 'એક હિન્દૂસ્તાન, સબ કા હિન્દૂસ્તાન' થશે. આ સાથે રાહુલ ગાંધીએ પણ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનધન યોજના અંતર્ગત જે બેંક ખાતા ખોલાવ્યા છે, એમાં 'ન્યાય' ૭૨૦૦૦ રૂપિયા જમા કરાવશે. આ લાભ દેશના પાંચ કરોડ ગરીબ લોકોને મળશે. ઉપરાંત મહિલાઓને લોકસભા અને વિધાનસભાઓની સાથે સરકારી નોકરીઓમાં ૩૩ ટકા અનામત આપવામાં આવશે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતાં કહ્યું કે વડાપ્રધાન મોદીજીનો આભાર, કેમ કે તેમણે ખોલાવેલાં બેંક એકાઉન્ટમાં ન્યાયના પૈસા જમા થશે. મેં આ યોજનાનું નામ ન્યાય એટલા માટે આપ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં નરેન્દ્ર મોદીએ, ચોકીદારે હિન્દુસ્તાનના તમામ લોકો સાથે અન્યાય કર્યો છે. રાજસ્થાનના મારવાડ ક્ષેત્રની ઝાલોરમાં યોજાયેલી વિશાળ જનસભાને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ નોટબંધી અને જીએસટીને ગરીબોના ખિસ્સાના પૈસા છીનવવાનું ષડયંત્ર ગણાવ્યું છે. સાથે રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે, લઘુત્તમ આવક યોજના(ન્યાય)નો સૌથી વધુ ફાયદો દેશના બેરોજગાર યુવાનોને થશે અને દેશમાં માંગ અને રોજગારીમાં વૃદ્ધિ થશે.

સરદાર સ્મૃતિ ભવનમાં વિરાટ માતૃભાષા સંમેલનનું આયોજન

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા કાર્યક્રમ યોજાશે

સુરત

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન સુરત શાખા દ્વારા ગુજરાત સ્થાપના દિન સંદર્ભે કાલે તા.૨૬ એપ્રિલના રોજ સુરત ખાતે સરદાર સ્મૃતિ ભવન વરાછા રોડ પર લાઈફ મોલિંગ એકેડમી તેમજ નિમ્બાર્ક સત્સંગ મંડળ સુરતના સહયોગથી વિરાટ ભાષા સંમેલન તેમજ શિક્ષણ સંસ્કાર અને કેળવણી ધર્મ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરતની સુજ્ઞ પ્રજામાં આપણી પોતીકી ગુજરાતી ભાષા માટે અનન્ય પ્રેમ નિષ્ઠા અને શ્રદ્ધા જગાવવાના ભાગરૂપે આ વિરાટ ભાષા સંમેલન અને શિક્ષણ સંસ્કાર અને કેળવણી ધર્મ વિષય અંગેના પ્રેરણાત્મક વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુરતના ભાષા પ્રેમીઓ અને પ્રબુદ્ધ નાગરિકોને ઉપસ્થિત રહેવા આમંત્રક ડૉ. સંજય ડુંગરાણી, ડૉ. રાજેશ પટેલ અને અન્યો દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આ સંમેલનમાં જગદ્‌ગુરૂ નિમ્બાકાચાર્ય શ્રીજી મહારાજ, લીંબડીના લાલદાસ બાપુ આશીર્વચન આપશે. સુરત મેયર ડૉ. જગદીશ પટેલના અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમમાં પૂર્વ કુલપતિ ચિલ્ડ્રન યુનિવર્સિટી હર્ષદભાઈ શાહ તેમજ મુખ્ય વક્તા ભાગ્યેશ જહા રહેશે. કાર્યક્રમમાં રાજકીય આગેવાનો તેમજ સામાજિક અને શૈક્ષણિક તથા આરોગ્ય અને વૈદ્યકીય ક્ષેત્રે નામના મેળવનાર આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.



નાનપુરા- અડાજણને જોડતા લો લેવલ બીજ પર લોખંડની રેલીંગ લગાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. નદીમાં કૂદી પડતા લોકોને અવરોધવા સુરત મહાનગરપાલિકા દ્વારા લોખંડની રેલીંગ લગાવવામાં આવી રહી છે.

પશ્ચિમ વિધાનસભાના મતદારોનો આભાર વ્યક્ત કરતા પૂર્ણેશ મોદી

સુરત બેઠક પર ભાજપનો વિશ્વ ઐતિહાસિક બનવાનો દાવો

સુરત

૨૩-બારડોલી લોકસભા બેઠકના પ્રભારી પૂર્ણેશભાઈ મોદી એક નિવેદનમાં જણાવે છે કે, બારડોલી લોકસભા બેઠકના મતદારોએ ૭૩.૫૭ ટકા મતદાન સાથે શ્રેષ્ઠ મતદાન કરી જનાદેશ ભાજપ તરફી હોવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. બારડોલી લોકસભા બેઠકમાં કાર્યકર્તાઓનો ઉત્સાહ અને લોકોનું જનસમર્થન ભાજપને ઐતિહાસિક વિજય અપાવશે. ૨૩ બારડોલી લોકસભા મત વિસ્તારના ભાજપના લોકપ્રિય ઉમેદવાર પરભુભાઈ વસાવા ૧ લાખની જંગી લીડથી વિજયી નીવડશે.

સાથે સાથે ૧૬૭-સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય અને મુખ્ય ચૂંટણી કન્વીનર પૂર્ણેશભાઈ મોદી ૨૪- સુરત સંસદીય મત વિસ્તાર અંતર્ગત ૧૬૭- સુરત પશ્ચિમ વિધાનસભામાં ૭૦.૩૨ ટકા મતદાન સાથે પ્રથમ ક્રમ હાંસલ કરવા બદલ તમામ મતદાતાઓ, સુજ્ઞ નાગરિકો, ભાજપના ખંતીલા અને કર્મઠ કાર્યકરો, શુભેચ્છકોનો આભાર પણ વ્યક્ત કરે છે. બળબળતી બપોરમાં ભારે ગરમી વચ્ચે પણ લોકોએ લાંબી કતાર લગાડી મોટાપાયે મતદાન કરી લોકશાહીના મૂલ્યોનું જતન કર્યું છે. લોકોનો ઉત્સાહ જોતા સ્પષ્ટ લાગે છે કે, ૧૬૭- સુરત પશ્ચિમ વિધાનસભામાંથી ભાજપના ઉમેદવાર દર્શનાબેન જરદોષને અંદાજે ૧ લાખથી વધુની જંગી લીડ પ્રાપ્ત થશે. જરદોષનો વિજય ઐતિહાસિક બની રહેશે.

અલ્પેશ કથીરિયાને જેલ મુક્ત કરાવવા પાટીદાર સંસ્થાઓની મદદ લેવાશે

સુરત

રાજદ્રોહ કેસમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના કન્વિનર અલ્પેશ કથીરિયા જેલમાં બંધ છે. જેને છોડાવવા માટે હવે પાટીદાર સંસ્થાઓનો ટેકો લેવામાં આવશે. થોડા દિવસ માટે જામીન ઉપર મૂક્ત થયેલો અલ્પેશ કથીરિયા અત્યારે સુરત જેલમાં બંધ છે.

મળતી માહિતી પ્રમાણે પાસ નેતા અલ્પેશ કથીરિયાને જેલ મુક્ત કરાવવા માટે આગમી ૧લી મેના રોજ રાજકોટ સરદાર પટેલ ભવન ખાતે ખોડલધામ ટ્રસ્ટના આગેવાનો સાથે બેઠક કરવામાં આવશે. અલ્પેશને જેલમાંથી મૂક્ત કરાવવા માટે સમાજના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવશે. અને અલ્પેશ કથીરિયાને જેલમાંથી છોડાવવા માટે આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે. દિનેશ બાંભણિયા સહિત પાસના કન્વીનરો આ બેઠકમાં હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે, મહિનાઓ સુધી જેલમાં બંધ રહ્યા બાદ પાટીદાર અનામત આંદોલનના કન્વીનર અલ્પેશ કથીરિયાના જેલવાસનો અંત આવ્યો હતો. તમામ કેસમાં જામીન મળતાં હવે તે ટૂંક સમયમાં જેલ બહાર આવશે. છેલ્લા કેટલાક સમયથી અલ્પેશના જામીન માટે પ્રયાસો તેજ થયા હતા. તો હવે અલ્પેશની જેલ મુક્તિ થતાં પાટીદાર આંદોલન સાથે સંકળાયેલા લોકો ખુશ થયા હતા અને આંદોલન દરમિયાન જેલમાં જનારા અલ્પેશનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસે વારાણસીથી મોદી સામે અજય રાયને રિપીટ કર્યા

અટકળોનો અંતઃ વારાણસીથી પ્રિયંકા ગાંધી પીએમ મોદી સામે ચૂંટણી નહિ લડે

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે કોંગ્રેસની મહાસચિવ પ્રિયંકા ગાંધી ૨૯ એપ્રિલે વારાણસીથી ઉમેદવારી પત્ર ભરી શકે છે એવી વાતો વહી રહી હતી. સૂત્રોના જણાવ્યા અસ્નુઆર, પ્રિયંકા ગાંધી ૨૯ એપ્રિલે વારાણસી જશે અને કાળ ભૈરવ મંદિરમાં પૂજા અર્ચના કરશે, એવું માનવામાં આવી રહ્યું હતું. ૨૯ એપ્રિલ વારાણસી લોકસભા સીટથી ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ છે. એટલે એવો અંદાજો લગાવવામાં આવી રહ્યો હતો કે, ૨૯ એપ્રિલે કાળ ભૈરવની પૂજા બાદ તે ઉમેદવારી પત્ર ભરશે. અચાનક જ કોંગ્રેસે બાજી પલટી નાખી છે અને અજય રાયનું નામ જાહેર કર્યું છે.

ઉલ્લેખનિય છે કે, થોડા દિવસ પહેલાં પ્રિયંકા ગાંધીને કેરળના વાયનાડમાં વારાણસીથી ચૂંટણી લડવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે જણાવ્યું હતું કે, જો પાર્ટી તેને વારાણસીથી ચૂંટણી લડવાનું કહેશે તો તે લડશે. નોંધનિય છે કે, વારાણસીમાં ૧૯ મેએ મતદાન થશે. ૨૦૧૪માં પણ કોંગ્રેસે અજય રાયને ઉમેદવાર બનાવ્યા હતા પણ ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો. ત્યારે એકવાર ફરી કોંગ્રેસ તેમના પર દાવ રમી રહીં છે.

ત્યાર બાદ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સામે મેદાને ઉતર્યા. તે દરમિયાન રાયે નરેન્દ્ર મોદી બહારના (બનારસથી બહારના) અને અરવિંદ કેજરીવાલને ભાગેડુ કહ્યા હતા. જોકે, તેમનો આ દાવ કામ લાગ્યો નહીં અને ડિપોઝીટ ગુમાવવાનો વારો આવ્યો હતો.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ૫ લાખ ૮૧ હજાર ૨૨ મત મળ્યા હતા. તો અરવિંદ કેજરીવાલને ૨ લાખ ૯ હજાર ૨૩૮ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના અજય રાયને ૭૫ હજાર ૬૧૪ મત મળ્યા હતા. જો ટકાવારીની રીતે સમજીએ તો નરેન્દ્ર મોદીને ૫૬.૩૭ ટકા, અરવિંદ કેજરીવાલને ૨૦.૩૦ ટકા અને અજય રાયને ૭.૩૪ ટકા મત મળ્યા હતા.

કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત થતાંની સાથે જ આ સંસદીય ક્ષેત્રમાં ત્રિકોણીય મુકાબલો થવાનો નક્કી છે. પીએમ મોદીની સામે મહાગઠબંધનની ઉમેદવાર શાલિની યાદવ હશે જ્યારે કોંગ્રેસની તરફથી એક વખત ફરીથી અજય રાય તાલ ઠોકતા દેખાશે.

ચૂંટણી સંગ્રામમાં ભાષણોત્સવનો રંગ જામ્યો છે : પદ્મદર્શન મહારાજ

બેફામ વાણી વિલાસ અંગે પૂ.પંન્યાસ મહારાજની ટકોર

સુરત

ધુલિયા જિલ્લા સ્થિત નરડાણામાં શ્રી શાંતિનાથ જિનાલયના આરાધના ભવનમાં જૈન મુનિ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી મહારાજ અને પૂ. મુનિશ્રી પ્રીતદર્શન વિજયજીની પાવન પધરામણી થઈ હતી. આ પાવન પ્રસંગે સત્સંગ સરિતા વહાવતા પૂ.પંન્યાસ શ્રી પદ્મદર્શનજી મહારાજે જણાવ્યું હતું કે, અત્યારે ભારત દેશમાં ચૂંટણી સંગ્રામ ચાલી રહ્યો છે. ભાષણોત્સવનો ભારે રંગ જમ્યો છે. અત્યારે બ્રેક વિનાની ગાડીઓ ફુલ સ્પીડથી દોડી રહી છે. વાણી વૈભવને બાજુએ મૂકી ઉમેદવારો અને સ્ટાર પ્રાચરકો વાણી વિલાસ કરી ધૂમ મચાવી રહ્યા છે. વાણી સ્વાતંત્ર્યનો હક્ક હોવાથી જેને જે બોલવું હોય તે બિન્દાસ્ત બોલી રહ્યા છે. તેઓ સત્યની તરફદારી કરી રહ્યા છે કે અસત્યમેવ જયતેની ગુલબાંગો પોકારી રહ્યા છે તે કદાચ તેમને જ ખ્યાલ નહીં હોય. ચૂંટણી પંચ માત્ર ભિષ્મ પિતામહની જેમ આંખ મીંચામણા કરી રહ્યું છે. કોઈ ચાવાળો કહે.. કોઈ ચોકીદાર કહે. કોઈ ગલુડીયું કહે, જેને જે બોલવું હોય તે બોલી રહ્યા છે. આપણા દેશમાં આ બધુ ચાલી શકે. કારણ કે ભારતીય પ્રજા સહિષ્ણુ છે.

રહેઠાણ ગ્રાહકો માટે એનર્જી ચાર્જના સ્લેબ પથી ઘટાડીને ૪ કર્યા

૨૦૧થી ૨૫૦ યુનિટના વીજ વપરાશ કરતા ગ્રાહકોને પ્રતિ યુનિટ ૧૦ પૈસાનો ઘટાડો

અમદાવાદ

ગુજરાત વીજ નિયમન આયોગ(જ્યોતિ)એ રાજ્ય સરકાર હસ્તકની ચાર વીજ વિતરણ કંપનીઓ UGVCL, PGVCL, DGVCL, MGVCLના ગ્રાહકોના વીજદરો નક્કી કર્યા છે. જેનો ૧ મે ૨૦૧૯થી અમલ થશે. આ ચાર વીજ વિતરણ કંપનીઓએ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે કોઈપણ ગ્રાહક કેટેગરીનાં વીજદરમાં વધારો કરવાની દરખાસ્ત કરી નથી. આમ આ કંપનીઓના વીજ ગ્રાહકોને રાહત મળી છે. તેમજ રહેઠાણ ગ્રાહકો માટે એનર્જી ચાર્જના સ્લેબ પથી ઘટાડીને ૪ કર્યા છે. જે મુજબ, ૧૦૧થી ૨૦૦ યુનિટ, ૨૦૧થી ૨૫૦ યુનિટનાં બે સ્લેબ મર્જ કરી ૧૦૧ યુનિટથી ૨૫૦ યુનિટનો સ્લેબ કર્યો છે. જેમાં ૨૦૧ યુનિટથી ૨૫૦ યુનિટ વચ્ચેનો વીજ વપરાશ કરનારા વીજ ગ્રાહકો માટે પ્રતિ યુનિટ ૧૦ પૈસાનો ઘટાડો કર્યો છે. જેને કારણે રાજ્યના વીજ ગ્રાહકોને ૫.૩૧ કરોડનો લાભ થશે. જ્યારે ખેડૂતોને વીજદરમાં રાહત આપવા માટે જે ખેડૂતો લિફ્ટ ઈરિગેશનથી સપાટી પરના પાણીનો ઉપયોગ કરી ખેતી કરે છે તેમના એનર્જી ચાર્જમાં ૩૦ પૈસાનો ઘટાડો એનર્જી ચાર્જ ૧.૮૦ પૈસાથી ૧.૫૦ પૈસા કર્યો છે. જેનો ૭૧ લાખ ગ્રાહકોને લાભ થશે. આ સિવાય ઓપન માર્કેટમાંથી વીજ પુરવઠો ખરીદી વપરાશ કરતા ગ્રાહકોને લાગુ પડતો ક્રોસ સબસિડી સરચાર્જ પ્રતિ યુનિટ રૂ.૧.૪૭ થી ઘટાડીને ૧.૩૬ પૈસા કર્યો છે.

ફર્નિચર પ્રોડક્ટ પેપરફ્રાય દ્વારા સુરતમાં પ્રથમ સ્ટુડીયોનો પ્રારંભ

પેપરફ્રાય ગુજરાતમાં વધુ વિસ્તરણ કર્યું

સુરત

ભારતના પ્રથમ ક્રમાંકના ફર્નિચર અને હોમ પ્રોડક્ટ્સ માર્કેટ પ્લેસ પેપરફ્રાયે આજે ગુજરાતમાં સુરત ખાતે તેના પ્રથમ સ્ટુડિયોની રજૂઆતની જાહેરાત કરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પેપરફ્રાયે દેશમાં ફર્નિચર અને ઘરેલુ શ્રેણીમાં વિશાળ વિતરણ વ્યવસાયને સ્થાપિત કર્યો છે. પેપરફ્રાયે ૨૦૧૪માં તેના પ્રથમ સ્ટુડિયોની રજૂઆત કરી હતી અને પાંચ વર્ષોથી ઓછા સમયમાં આ સ્ટુડિયોઝ મુખ્ય ગ્રાહક ટચપોંઈટના રૂપમાં વિકસિત થાય છે, જે સમગ્ર પેપરફ્રાય વ્યવસાયમાં ૩૦ ટકાથી વધુનો સરેરાશ ફાળો છે. સુરતમાં તેના પ્રથમ સ્ટુડિયોની રજૂઆત સાથે પેપરફ્રાય ગુજરાતમાં તેની ઉપસ્થિતિને વધુ મજબૂત બનાવશે.

આજની તારીખ સુધીમાં પેપરફ્રાયે ૨૩ શહેરોમાં ૫૫ સ્ટુડિયોની રજૂઆત કરી છે, જેમાંથી ત્રમ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને હવે સુરતમાં ઉપસ્થિતિ ધરાવે છે. સુરતના ગ્રાહકો હવે વીઆર મોલ નજીક સ્થિત ૨૩૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા લક્ઝુરિયા બિઝનેસ હબની મુલાકાત લઈ શકે છે. જે ગ્રાહકોને પેપરફ્રાય.કોમ. પર ખરીદી માટે ઉપલબ્ધ છે તેવા સૌપ્રથમ ક્યૂરેટ કરાયેલ કેટલોગ, કટિંગ એડ્ઝ ડિઝાઈન્સ તથા ફર્નિચરની સવોર્ત્તમ ગુણવત્તા અને સજાવટ ઉત્પાદનોનો અનુભવ કરવાની પરવાનગી આપે છે. દરેક પેપરફ્રાય સ્ટુડિયોમાં ડિઝાઈન નિષ્ણાંતોનો સમાવેશ થાય છે કે જે ગ્રાહકોને તેમના સપનાના ઘરને સમજવામાં મદદ કરવા માટે નિઃશુલ્ક ઈન સ્ટોર ડિઝાઈન સલાહ પ્રદાન કરે છે.



લીંબાયતના સંજયનગરમાં આવેલી આધુનિક પોષ્ટ ઓફિસ 'સ્વચ્છ ભારત' મિશનનો સંદેશો આપી રહી છે અને પોસ્ટ ઓફિસના આગણામાં જ લોકોએ કચરાનો ઢગલો ખડકી દીધો હોવાનું આ તસવીરમાં નજરે પડે છે.

દુકાનની અગાસીમાં બાંધકામ નહીં કરવા દેતા વેપારી પર હુમલો

બે ભાઈઓએ ડભોલીના યુવકને પાઈપથી ફટકાર્યો

સુરત

ઓલપાડ તાલુકાના દેલાડ ગામ ખાતે આવેલી એક દુકાન પર ધાબા (ટેરેસ)નો ભાગ તોડી નવુ બાંધકામ કરાવવા માગનારાઓને સહમતી નહીં આપવામાં આવતા બે આરોપીઓએ લોખંડપની પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકેનોંધાયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના વતની અને હાલમાં વેડરોડ ડભોલી ગામ શ્રીજીનગર ચાર રસ્તા ખાતે વાલજીભાઈ સવાણીના એક દુકાન ઓલપાડ તાલુકાના દેલાડગામ મણિપુષ્પક શોપિંગ સેન્ટરમાં આવી છે. તેઓની દુકાનના ટેરેસનો ભાગ તોડી નાખી નવું બાંધકામ કરવા માટે વસંત રૈયાણી તથા રાજુભાઈ રૈયાણી નામના બે સગાભાઈઓએ મંજૂરી માગી હતી જે મંજૂર અને સહમતિ નહીં આપી નવું બાંધકામ કરવા માટેનો વાલજી રૈયાણીએ વિરોધ નોંધાવતા સગાભાઈઓએ તેમના પર લોખંડની પાઈપ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઈજાગ્રસ્ત વેપારીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

મધરકેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પસ્તી સે પુનરૂત્થાન અનોખો સેવાયજ્ઞ

પસ્તીમાંથી થતી આવક ટ્રસ્ટને દાનમાં આપવામાં આવશે

નવસારી

નવસારી જિલ્લાની શિક્ષણાધિકારી કચેરી તેમજ જિલ્લા આચાર્યસંઘ, શિક્ષકસંઘ અને વહીવટી સંઘ ધ્વારા માનવતાના ધોરણે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો જેમાં મધર કેર ચેરીટેબલ ટ્રસ્ટ નવસારીની રચના કરી છે. વિદ્યાર્થીઓનો જે-તે વર્ષનો અભ્યાસ પૂર્ણ થાય ત્યારે ઉપયોગમાં લીધેલ પુસ્તકો, નોટબુકો વગેરે જેવી પસ્તી-શાળા ખાતે દાન લઈ તેના ધ્વારા થતી આવક આ ટ્રસ્ટમાં જમા કરાવી તેનો ઉપયોગ જિલ્લાના અનાથ, દિવ્યાંગ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી ઉપયોગમાં લેવાના આશયથી પસ્તી તે પુનરૂત્થાન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.એમ.ચૌધરીએ આ યોજના જાગૃતિ વિદ્યાલય રૂમલા ખાતે ધોરણ-૧૨ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં, ઉપસ્થિત રહેલા તમામ વિદ્યાર્થીઓએ અભ્યાસ બાદ પોતાની પસ્તી શાળા ખાતે દાન આપવા બાબતની પ્રતિજ્ઞા લીધી હતી. જાગૃતિ વિદ્યાલય રૂમલા તેમજ બી.સી.જે.હાઈસ્કુલ બીગરી શાળાના ટ્રસ્ટી મંડળ ધ્વારા આ નવતર પ્રયોગને પ્રોત્સાહન આપવા પોતાની સ્વેચ્છાએ રૂા.૧૧૦૦૦/- જેટલી રકમ મધર કેરી ચેરીટેબલ ટ્રસ્ટને દાન પેટે આપ્યા હતાં. તેમજ ત્યાં હાજર અન્ય મહાનુભાવો ધ્વારા પણ દાન કરવામાં આવતાં એક જ દિવસે દાનની રકમ અંદાજીત રૂા.૫૦,૦૦૦/- જેટલી થઇ હતી. મોટાભાગની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આમા જોડાઇ ચૂકી છે. સમાજના લોકો આ ભગીરથ કાર્યમાં જોડાવા માંગતા હોય તો તેઓએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી અથવા મધર કેર ચેરીટેબલ ટ્રસ્ટનો સંપર્ક સાધવા જણાવાયું છે.

મૂકબધિર બાળકોને શાળામાં પ્રવેશ મેળવવા અગત્યની સૂચના

પ્રવેશ માટે રૂબરૂ તથા પોસ્ટથી ફોર્મ મેળવી શકાશે

નવસારી

માનવ કલ્યાણ ટ્રસ્ટ ધ્વારા મૂક-બધિર બાળકો માટે બાળવર્ગથી ધોરણ-૮ સુધીની નિવાસી શાળા ચાલે છે. નૈસર્ગિક સુંદર વાતાવરણમાં બાળકોને શિક્ષણ તથા ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. દિવ્યાંગ બાળકો સ્વમાનભેર પોતાનો જીવન નિર્વાહ કરી શકે. બાળકોને રહેવા માટે અદ્યતન સુવિધા સાથેની છાત્રાલયની વ્યવસ્થા છે. બાળકોને શિક્ષણ, ઔદ્યોગિક તાલીમ તથા રહેવા-જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવામાં આવે છે.

શાળાનું નવું સુત્ર જુન-૨૦૧૯ થી શરૂ થનાર હોય બાળવર્ગથી ધોરણ-૮ માં સંસ્થા તથા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છુકે મંત્રીશ્રી પ્ર.સ.કોઠારી બહેરા-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય, મહેશભાઇ કોઠારી માર્ગ, વિજલપોર, તા.જલાલપોર, નવસારી ખાતે રૂબરૂમાં અથવા પોસ્ટથી ફોર્મ મેળવી સંસ્થામાં તા.૦૯/૦૬/૨૦૧૯ સુધીમાં મોકલી આપવા જણવાયું છે. તેમજ વધુ માહિતી માટે ફોન નંબર (૦૨૬૩૭)૨૮૩૮૬૦/૨૮૩૭૮૫, મંત્રીશ્રી મો.નં-૯૮૨૫૭૩૦૯૩૭, ઇન્ચાર્જ અચાર્ય શ્રી મો.નં-૯૪૨૭૭૮૩૭૬૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

તંત્રી સ્થાનેથી...

તેલની આયાતની ચિંતા

ધર્મને લઈને થઈ રહેલી ઝડપી કટ્ટરપંથી પ્રવૃતિના દોરમાં હવે એક રિપોર્ટના તારણ જારી કરવામાં આવ્યા છે જેનાથી તમામ ભારતવાસી ગર્વ અનુભવ કરી શકે છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કટ્ટરતા ઘટી રહી છે અને સંપન્નતા વધી રહી છે. સાયન્સ એડવાન્ટેજમાં થોડાક દિવસ પહેલા પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે સમાજ અથવા તો દેશમાં જેટલી ધર્મનિરપેક્ષતા હોય છે ત્યાં આર્થિક વિકાસની ગતિ એટલી જ ઝડપી હોય છે. ૧૦૦ જુદા જુદા દેશોમાં ૧૯૦૦ અને ૨૦૦૦ના ગાળા દરમિયાન સમાજમાં પ્રચલિત મુલ્યો અને ત્યાં ચાલી રહેલી આર્થિક વિકાસની પ્રક્રિયાના અભ્યાસના આધાર પર આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા બાદ તેમાં કેટલાક નક્કર કારણ જારી કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે આ માન્યતા યોગ્ય નથી કે આર્થિક વિકાસથી ધર્મનિરપેક્ષતા જેવા મુલ્યો મજબુત થાય છે. વાસ્તવમાં પ્રક્રિયા બિલકુલ અલગ છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ધર્મનિરપેક્ષતા જેવા મુલ્યો મજબુત થવાની સ્થિતીમાં સમાજમાં સંપન્નતા આવે છે. રિપોર્ટ દર્શાવે છે કે બંનેમાં પ્રત્યક્ષ કાર્ય કારણ સંબંધ તો મળી શક્યા નથી પરંતુ જેમ જેમ સમાજમાં સહિષ્ણુતા આવે છે તેમ તેમ આર્થિક ગતિવિધીઓમાં વસ્તીના વધુને વધુ હિસ્સાની ભાગીદારી વધતી જાય છે. આ સહિષ્ણુતા ધર્મ સુધી મર્યાદિત નથી. અધિકારોને માન્યતા આપનાર મુલ્યોની સાથે પણ આ વાત જોડાયેલી છે. જે સમાજમાં સજાતિય સંબંધ, મહિલા સ્વતંત્રતા, લગ્ન અને તલાક જેવા મામલામાં જેટલા ઉદાર વલણ જોવા મળે છે ત્યાં આર્થિક વિકાસની ગતિ પણ સહેજ રીતે આગળ વધે છે. આ ખાસ અભ્યાસમાં એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે ધર્મનિરપેક્ષતાની મજબુતીની સાથે કોઈ દેશમાં પ્રતિ વ્યક્તિ જીડીપીમાં ૧૦ વર્ષમાં ૧૦૦૦ ડોલર, ૨૦ વર્ષમાં ૨૮૦૦ ડોલર અને ૩૦ વર્ષમાં ૫૦૦૦ ડોલરનો વધારો થાય છે. આ અભ્યાસમા તારણ એવા તમામ લોકો માટે એક બોધપાઠ સમાન છે જે માને છે કે સમાજમાં ફેલાઈ રહેલી ખાસ ધર્મ અથવા તો જાતિની શ્રેષ્ઠતાની ભાવનાના દેશના વિકાસ સાથે કોઈ લેવાદેવા હોતા નથી. બન્ને સાથે ચાલી શકે છે. આજે વિશ્વના એક મોટા હિસ્સામાં ઈસ્લામના નામ પર તેને ફેલાવવા માટે ખૌફનાક અભિયાન ચાલી રહ્યા છે.તેના ખતરા તમામ લોકોની સામે છે. વધારે ખતરનાક બાબ આ છે કે આની પ્રતિક્રિયામાં અન્ય ધર્મમાં પણ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટેની એક સ્પર્ધા છેડાઈ ગઈ છે. આ સ્પર્ધા જો ચાલુ રહેશે તો શ્રેષ્ઠ મુલ્યો અને ઉદારતા તેમજ સંપન્નતા ખતમ થઈ જશે. જેથી દુનિયાના દેશોમાં રહેતા લોકો વચ્ચે કોઈ જાતિ અને ધર્મને શ્રેષ્ઠ દર્શાવવા માટેની સ્પર્ધા થવી જોઈએ નહી. તમામને એકબીજાની જાતિ અને ધર્મના સન્માન સાથે આગળ વધવાની જરૂર છે. ધર્મ અને જાતિના આધાર પર કોઈ એક સમુદાયને ફેલાવવાની બાબત હમેંશા ખતરનાક હોય છે. આના કારણે કટ્ટરપંથી વૃતિ જોવા મળે છે. જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં સક્રિય અલગતાવાદીઓ હમેંશા રચનાત્મક માહોલમાં સામેલ થવાના બદલે ઉશ્કેરણીજનક કૃત્યોકરતા રહે છે.

તેલ આયાત ઈરાનથી રોકાશે તો પ.૬ ટકા સુધી વેપાર ખાદ્ય વધશે : નિકાસ ઘટી જશે

સમગ્ર દુનિયામાં કુલ કેસ પૈકી ભારતમાં ૮૦ ટકા કેસો....

ભારત : મેલેરિયાના વર્ષે ૧૮ લાખ કેસ

વર્લ્ડ મેલેરિયા ડે દર વર્ષે મનાવવામાં આવે છે ત્યારે મેલેરિયા રોગના આંકડા તમામ માટે ચેતવણી સમાન : સાવચેતી ખુબ જરૂરી છે

વર્લ્ડ મેલેરિયાની ઉજવણી દર વર્ષે ૨૫મી એપ્રિલના દિવસે કરવામાં આવે છે. એ દિવસે મેલેરિયા રોગના સંબંધમાં દર વર્ષે જાણકારી આપવામાં આવે છે. વૈશ્વિક સ્તર પર આ રોગને રોકવા માટે તમામ પગલા લેવામાં આવે છે છતાં આ રોગના કેસ સતત સપાટી પર આવી રહ્યા છે. મેલેરિયાની વાત કરવામાં આવે તો આ તે પ્લાજમોડિયમ નામના પૈરાસાઈટ મારફતે થતી બિમારી છે. તે માદા એનાફિલિજ મચ્છર કરડવાના કારણે થાય છે. આ પ્રકારના મચ્છર પ્રદુષિત પાણીમાં રહે છે. સામાન્ય રીતે મચ્છરો સુર્યાસ્ત થયા બાદ જ રાત્રી ગાળામાં વધારે કરડે છે. કેટલાક કેસોમાં મેલેરિયા અંદર અંદર વધી જાવાના હોય છે. આવી સ્થિતીમાં તાવ વધારે ન હોવાની સ્થિતીમાં નબળાઈ થવા લાગે છે. જેના લીધે એક સ્તર પર દર્દીને હિમોગ્લોબિનની કમી થાય છે. જેથી તે એનમિક થઈ જાય છે. ૨૫મી એપ્રિલના દિવસે દુનિયામાં વર્લ્ડ મેલેરિયા દિવસ મનાવવામાં આવે છે. એમ તો મેલેરિયા વરસાદની સીઝનમાં થનાર તકલીફ છે. તે જુલાઈ અને નવેમ્બર વચ્ચેના ગાળામાં વધારે ફેલાય છે. મેલેરિયાની સ્થિતીમાં દરેક વ્યક્તિની બોડી કઈ રીતે રિએક્ટ કરશે તે જુદી જુદી બાબતો પર આધારિત છે. જો કોઈ વ્યક્તિની રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે તો તેને મેલેરિયાના મચ્છરો કરડે તો પણ કઈ થતુ નથી. પરંતુ અન્ય કોઈ વ્યક્તિ માટે મેલેરિયા જીવલેણ સાબિત થઈ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં દર વર્ષે ૧૮ લાખ લોકો મેલેરિયાના સકંજામાં આવે છે. સમગ્ર દુનિયામાં મેલેરિયાથી પ્રભાવિત દેશોમાં ૮૦ ટકા મેલેરિયાના કેસ ભારત, ઈથિયોપિયા, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયામાં થાય છે. વિશ્વ મેલેરિયા રિપોર્ટ મુજબ મેલેરિયાના ટાઈપ પી વિવેક્સમાં સમગ્ર દુનિયાના ૮૦ ટકા મામલામાં ત્રણ દેશો સામેલ છે. જેમાં ભારત પણ સામેલ છે. ભારતમાં મલેરિયાના કારણે થતા મોત અંગે સત્તાવાર નવો આંકડો થોડાક સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે ત્યારે મલેરિયાથી થતો મોતનો આંકડો ૪૦ ગણો વધુ દેખાય તેવી શક્યતા છે. નેશનલ વેક્ટર બર્ન ડિસીજ કન્ટ્રોલ પ્રોગ્રામ દ્વારા રચવામાં આવેલી ૧૬ સભ્યોની કમિટી હવે ભારતમાં મલેરિયાના કારણે મોતનો આંકડો કેટલો છે તે અંગેનો આંકડો જારી કરશે. મહારાષ્ટ્ર, ગુજરાત, ઝારખંડ, આંધ્રપ્રદેશ, કર્ણાટમાં મોતનો આંકડો મોટો નિકળે તેવી શક્યતા છે. વેક્ટર બર્ન રોગના કારણે વર્ષે સરેરાશ મોતનો આંકડો ઉંચી સપાટીએ પહોંચી શકે છે. અહેવાલ મુજબ મલેરિયાથી મોત માટેનો સત્તાવાર આંકડો વર્ષ ૨૦૧૦-૧૧માં ક્રમશ: ૧૦૨૩ અને ૪૩૦ જેટલો હતો. ભારતમાં દર વર્ષે મલેરિયાથી ૩૦૦૧૪અને ૪૮૬૬૦ જેટલા લોકોના મોત થાય છે. આનો મતલબ એ થયો કે દર વર્ષે સરેરાશ ૪૦૨૯૭ ભારતીઓના મોત થાય છે. એકંદરે મલેરિયાના કેસોની સંખ્યા ૯.૭૫ મિલિયન છે. એક અગ્રણી અખબારે મલેરિયા અંગોને અહેવાલ જારી કરવામાં આવ્યા બાદ આ આંકડા જારી કરાયા છે. લેનસેટ અભિયાસને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૧૦માં ૪૬૮૦૦ ભારતીઓના મોત થયા હતા. અભ્યાસમાં એમ પણ જણાવવામા આવ્યું હતું કે પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં મોતના કેસ ૪૮૦૦ હતા. કેન્દ્ર સરકારના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૪માં દેશભરમાં મલેરયાના ૧૧ લાખથી વધારે મામલા સપાટી પર આવ્યા હતા. જો કે આ આંકડો વર્ષ ૨૦૧૬માં ઘટીને ૧૦ લાખ થઈ ગયો હતો. જો કે વર્ષ ૨૦૧૫માં આ સંખ્યા વધીને ૧૧ લાખથી ઉપર પહોંચી ગઈ હતી. મેલેરિયાના કારણે થયેલા મોતના આંકડા પર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે તેમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૪માં મેલેરિયાના કારણે ૫૬૨ લોકોના મોત થયા હતા. જ્યારે વર્ષ ૨૦૧૫માં ૩૮૪ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૧૬માં ૨૪૨ લોકોના મોત થયા હતા. ઘરમાં કોઈને તાવ છે તો તેને મચ્છરદાનીમાં રાખવામાં આવે તે જરૂરી છે. જો મચ્છર દર્દીને કરડીને અન્ય કોઈ વ્યક્તિને પણ ઘરમાં કરડી જાય છે તો તેને પણ મેલેપિયા બિમારી થવાનો ખતરો રહે છે. મેલેરિયાના કેટલાક સર્વસામાન્ય કેસો રહેલા છે. દર્દીને એક દિવસ છોડીને બીજા દિવસે તાવ આવે છે. ઠંડી લાગીને તાવ આવે છે.



મેલેરિયા દવાની અસર ઘટી

જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે મેલેરિયાની સારવારમાં સામાન્ય રીતે આર્ટેમિજિનિન નામની દવા આપવામાં આવે છે. પરંતુ હાલમાં એવુ જાણવા મળ્યુ છે કે આ દવાની અસરકારકતા હવે દિનપ્રતિદિન ઘટી રહી છે. મેલેરિયાના પૈરાસાઈટ પર તેની અસર હવે પહેલા જેવી થઈ રહી નથી. આના કારણે દેશના ઉત્તર પૂર્વના વિસ્તારોમાં તેના ઉપયોગ પર હવે પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. નિષ્ણાંત તબીબોનુ કહેવુ છે કે સમગ્ર દેશમાં આની અસરની તપાસ થઈ રહી છે. તેન તપાસ કરવામાં આવે તે જરૂરી છે. મેલેરિયાના કાયમી સફાયા માટે દવાની ચકાસણી કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર લોકો કહે છે કે જ્યા પણ આ દવાની અસરકારકતા ઓછી થઈ રહી છે ત્યાં અન્ય દવાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. મેલેરિયાથી બચવા માટે શુ કરવુ જોઈએ તે અંગે જ્યારે સામાન્ય લોકો પુછે છે ત્યારે તેનો જવાબ એ છે કે બ્લડ ટેસ્ટ તરત કરાવવા જોઈએ. તબીબોની સલાહ મુજબ જ દવા લેવી જોઈએ. દવાનો પૂર્ણ ડોઝ લેવામાં આવે તે જરૂરી છે. અધુરા ડોઝની સ્થિતીમાં ફરી મેલેરિયાનો ખતરો રહે છે. આની સારવાર બિલકુલ શક્ય છે જેથી આરામ ન આવવાની સ્થિતીમાં તબીબોને મળી સારવાર લેવી જોઈએ. મેલેરિયાના લક્ષણની વાત કરવામાં આવે તો સામાન્ય રીતે એક દિવસ છોડીને તાવ આવે છે. દર્દીને ઠંડી લાગે છે. બિમારીના બીજા કેટલાક લક્ષણ પણ છે. પરસેવાની સાથે તાવ ઘટે છે. નબળાઈનો અનુભવ થાય છે. એક બે અથવા તો ત્રણ દિવસ તાવ આવે છે.

મરિન એન્જિનિયરિંગ ક્ષેત્ર શ્રેષ્ઠ કેરિયર બનાવી શકાય છે....

ઈન્ડિયન નેવી : ખુબ પ્રતિષ્ઠાની નોકરી

મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સમાં પોતાની કેરિયર બનાવી શકાય છે : શરૂઆતથી જ સારા પગાર ધોરણ પણ રહેલા છે

દેશમાં હાલમાં રાષ્ટ્રવાદની ભાવના પ્રવર્તી રહી છે. આવી સ્થિતીમાં સેનામાં જવાનો ક્રેઝ પણ જોવા મળી રહ્યો છે. હવે ભારતીય નૌકા સેના અથવા તો ઈન્ડિયન નેવીમાં ભરતી થવાને લઈને યુવાનો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. મરિન એન્જિનિયરિંગની નોકરી પણ ખુબ પ્રતિષ્ઠિત નોકરી છે. તમને દરિયાઈ લહેર પોતાની તરફ આકર્ષિત કરે છે તો આ ક્ષેત્રમાં પણ એક સફળ કેરિયર બનાવી શકાય છે. સાથે સાથે આ ક્ષેત્રો સફળ કેરિયર બનાવવા અંગે વિચારણા કરી શકાય છે. મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાયન્સના ક્ષેત્રમાં પોતાની કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં શરૂઆતમાં જ પગાર ધોરણ પણ ખુબ સારા રહેલા છે. મરિન એન્જિનિયરિંગ ખુબ જ પડકારૂપ ભરેલી કેરિયર છે. કારણ કે ખુબ વધારે સમય સુધી જહાજોમાં પણ રહેવાની ફરજ પડે છે. અલબત્ત આના કારણે દેશ વિદેશમાં ફરવા માટેની તક પણ મળે છે. આવી સ્થિતીમાં તમે રોમાંચની લહેર પર કેરિયર જહાજ ચલાવી શકો છો. જો તમે બીટેક મરિન એન્જિનિયરિંગ અથવા તો બીએસસી નોટિકલ સાયન્સ કોર્સ કરી ચુક્યા છો તો આપના માટે નોકરીની અનેક તક રહેલી છે. આ કોર્સમાં દાખલ થવા માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામ લેવામાં આવે છે.આ સંબંધમાં માહિતી વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ડીજી શિપિંહ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાના મરિન પ્રોગ્રામમાં એડમિશન માટે કેએલ મરિન એન્ટ્રેસ એગ્ઝામનુ આયોજન કરવામાં આવે છે. આ એન્ટ્રેસ ટેસ્ટ મારફતે ખુબ મરિન એન્જિનિયરિંગ કોલેજોમાં બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સમાં પ્રવેશ આપવામાં આવે છે. ચાર વર્ષીય ડિગ્રી કોર્સ બીટેક મરિન એન્જિનિયરિંગ ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ, ભારત સરકાર અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનોલોજી એજ્યુકેશનથી મંજુર કરવામાં આવ્યા છે. બીજી બાજુ બીએસસી નોટિકલ સાયન્સ પણ ડાયરેક્ટર જનરલ શિપિંગ, ભારત સરકાર અને સંબંધિતોથી માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને નેવિગેશન, વોચ કિપિંગ, શીમેન શિપ, કાર્ગો, બ્રિજ ઈક્વિપમેન્ટ જેવી બાબતોમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. આ કોર્સને પૂર્ણ કરીને તમે મરિન એન્જિનિયરિંગ અને નોટિકલ સાઈન્સના ક્ષેત્રમાં શાનદાર માહિતી મેળવી શકો છો. સાથે સાથે એક શાનદાર કેરિયર નિર્માણની તક મળી શકે છે. બીટેક મરિન એન્જિનિયરિંગ અને બીએસસી નોટિકલ સાયન્સ માટે અરજી કરનારની લાયકાતની વાત કરવામાં આવે તો કોઈ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨માં ભૌતિક શાસ્ત્ર, કેમિસ્ટ્રી અને ગણતિમાં ઓછામાં ઓછા ૬૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. સાથે સાથે ધોરણ ૧૦માં અને ૧૨માં ઈંગ્લિશ વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક રહે તે જરૂરી છે. બીટેક માટે ઉમેદવારમાં રિટન અને સ્પોકન ઈંગ્લિશમાં કુશળતા રહે તે જરૂરી છે. આ પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા પહેલા ઉમેદવારનો આ બાબતનુ ધ્યાન રાખવુ જોઈએ કે તેની વય ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ થતા પહેલા ૨૫ વર્ષથી વધારે હોવી જોઈએ નહીં. આની સાથે જ કોઈ બહારની સહાય વગર અથવા તો ૬-૬ આઈ સાઈટ રહે તે જરૂરી છે. કલર બ્લાઈન્ડસનેસ પણ ન રહેવી જોઈએ. અત્રે નોંધ લેવા લાયક બાબત એ છે કે પ્રવેશ મેળવતી વેળા ઉમેદવારના મેડિકલ ટેસ્ટ ડીજી શિપિંગ ભારત સરકાર દ્વારા રહે તે જરૂરી છે. આ ફિલ્ડમાં કેટલાક શાનદાર કેરિયર વિકલ્પ રહેલા છે. જેમાં નેવિગેશન ઓફિસર, મરિન એન્જિનિયરિંગ, ક્રુ મેમ્બર્સનો સમાવેશ થાય છે. એક ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની જરૂર હોય છે. ફોર્મ ભરતી વેળા કોઈ પણ ખોટી માહિતી ન જાય તેની કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. અરજી ફોર્મની સાથે નિર્ધારિત રેજિસ્ટ્રેશન ફિ પણ ઓનલાઈન જ જમા કરવામાં આવે છે.ત્રણ કલાક સુધી પેપર ચાલે છે. સવારે ૧૦ વાગ્યાથી ૧.૩૦ વાગે સુધી પરિક્ષા લેવામાં આવે છે. દેશના પ્રમુખ શહેરોમાં પરિક્ષા યોજવામાં આવે છે. ૧૮૦ મિનિટની અવધિ હોય છે. જેમાં મલ્ટીપલ ચોઈસ ટાઈપના ૨૦૦ સવાલ પુછવામાં આવે છે. જેમાં મેથ્સ, સાયન્સ, જનરલ નોલેજના પ્રશ્નો પણ હોય છે. પેપર હિન્દી અથવા તો ઈંગ્લિશ કોઈ પણ માધ્યમમાં આપી શકા છે. મરિન એન્જિનિયરિંગમાં ખુબ શાનદાર કેરિયર છે. પગાર પણ ખુબ ઉંચા મળે છે.



ફાયદો : કેલ્શિયમથી શરીરની જરૂરિયાત પૂર્ણ



શરીરને સ્વસ્થ રાખવા માટે કેલ્શિયમ મહત્વપૂર્ણ છે. આનાથી શરીરની ઘણી જરૂરિયાતો પરિપૂર્ણ થાય છે. હાડકાંઓને મજબૂત કરવામાં પણ કેલ્શિયમની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. દરરોજ શરીરને કેટલા પ્રમાણમાં કેલ્શિયમની જરૂર હોય છે તેને લઈને માહિતી મેળવવી અતિ જરૂરી હોય છે. કેલ્શિયમ બાળપણમાં શરીરને મજબૂત અને હાડકાંઓને મજબૂત કરવામાં ભૂમિકા ભજવે છે. વૃદ્ધાવસ્થામાં કેલ્શિયમ હાડકાંઓને મજબૂત જાળવી રાખવામાં ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટિયોપોરોસિસમાં હાડકાઓ નબળાં પડી જાય છે. સગર્ભા મહિલાઓ માટે પણ કેલ્શિયમ ખૂબ જ જરૂરી છે. ગર્ભમાં રહેલા બાળકોના વિકાસમાં પણ કેલ્શિયમ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પોતાની માતાના કારણે બાળકને કેલ્શિયમ મળે છે. વૃદ્ધાવસ્થા તરફ વધી રહેલી મહિલાઓમાં કેલ્શિયમની કમી હોવાની સ્થિતિમાં બિમારીના ખતરા રહે છે. શરીરમાં આશરે ૯૦ ટકા કેલ્શિયમ હાડકાં અને દાંતમાં જમા થાય છે. બાકીનું કેલ્શિયમનું પ્રમાણ લોહી અને સ્નાયુઓમાં પ્રવાહી સ્વરૂપે હોય છે. સ્નાયુ અને કોશિકાઓને ફેલાવવામાં પણ તેની ભૂમિકા હોય છે. હાર્મોન અને એન્જોઈમના ફેલાવા માટે પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ભોજનમાં કેલ્શિયમની કમી હોવાથી તેની આરોગ્ય ઉપર અસર થાય છે. આના માટે રોગને આમંત્રણ મળે છે. ભોજન મારફતે કેલ્શિયમની અછત દૂર કરવામાં આવે તે અતિ જરૂરી છે. કેલ્શિયમ કાર્બોનેટ પૂરતા પ્રમાણમાં લેવા માટે ઘણી જરૂરિયાતો હોય છે. આરોગ્ય પ્રત્યે સાવધાન રહેલા લોકોને કેલ્શિયમને લઈને સાવધાની જરૂરી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં કેલ્શિયમના મહત્વ ઉપર ફરી એકવાર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આગામી દિવસોમાં કેલ્શિયમને લઈને વધુ પ્રયોગ કરાશે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

म्युच्युअल फंड सही है ? परंतु
शुं आपनो Portfolio सही है ?
SWACHH PORTFOLIO ABHIYAN

अनेक नही
एक
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak
2200 दिन मे. .

२०२५ ने ध्यानमां राखीने आपना PORTFOLIO ने स्वच्छ करावो.

• नवा PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
• PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

બૈંસના કહેવા પ્રમાણે તો તેની પાસે પોતાની વાતને સાબિત કરવા માટે કેટલાક પુરાવા પણ છે. સુપ્રીમ કોર્ટના સીસીટીવી સહિતના પુરાવા પોતાની પાસે હોવાનો દાવો આ વકીલે કર્યો છે. આ ત્રણેય પાત્રોમાં કોણ સાચું છે ને કોણ ખોટું છે એ નક્કી કરવું મુશ્કેલ છે. જોકે એક વાત કબૂલવી પડે કે, આ કેસમાં જસ્ટિસ ગોગોઈની સ્થિતિ મજબૂત છે. ચીફ જસ્ટિસ સામે આક્ષેપો કરનારી યુવતી પાસે એવા કોઈ નક્કર પુરાવા નથી કે જેના આધારે ચીફ જસ્ટિસ સામે આંગળી ચીંધી શકાય. બીજી તરફ આ યુવતીનો પોતાનો રેકોર્ડ પણ શંકાસ્પદ છે એ જોતાં તે સાચું જ બોલતી હોય તેમ માનવાને કારણ નથી. જસ્ટિસ ગોગોઈનો રેકોર્ડ પણ એવો નથી કે તેમની સામે આંગળી ચીંધી શકાય તેના કારણે તેમની સ્થિતિ અત્યારે તો મજબૂત છે જ.

સામે ચીફ જસ્ટિસને ફસાવવા કાવતરું રચાયું હોવાનો દાવો કરનારા બૈંસ પાસે શું પુરાવા છે તેની આપણને ખબર નથી. બૈંસે કઈ ટોચની કોર્પોરેટ કંપની ચીફ જસ્ટિસને ઘરભેગા કરી દેવાનો કારસો કરતી હતી તેની ચોખવટ કરી નથી. આ કંપની બહુ મોટી છે એ જોતાં તેવું તેનું કહેવું છે ને એ વાત સાચી હોય તો એ કંપની પણ પોતાની આબરૂનો ધજાગરો તો ના જ થવા દે. એ પણ કશું બહાર ના આવે એ માટે બધું કરી છૂટવાની તે જોતાં સત્ય સુધી પહોંચવું મુશ્કેલ છે જ.

સુપ્રીમ કોર્ટે ગમે તે ભોગે સત્ય બહાર લાવવાનો હુંકાર કર્યો છે પણ તેની સામે ઘણા પડકારો છે. આશા રાખીએ કે, સત્ય બહાર આવે ને ચીફ જસ્ટિસ સામે આંગળી ચીંધનારા ભોંઠા પડે ને આ દેશની સુપ્રીમ કોર્ટ પર કોઈ કલંક ના લાગે.

શહીદોની ચિતા પર રાજકીય ભાખરી શેકવાનો વરવો ખેલ

ચૂંટણી પંચે સાફસાફ શબ્દોમાં ચેતવણી આપી છે કે શહીદોને નામે મત માગી ન શકાય. પંચ વ્યાજબી રીતે સ્પષ્ટપણે માને છે કે આધુનિક લોકશાહીમાં સશસ્ત્ર દળો બિન-રાજકીય અને તટસ્થ હોવા જોઈએ. અલબત્ત અત્યાર સુધી આ પ્રમાણે થતું હતું અને એમ જ થવું જોઈએ, પરંતુ અસલામતી હોય કે લાપરવાહી, યુદ્ધ અને શહીદોના નામે રાજકીય ભાખરી શેકવાનું આ ચૂંટણીમાં શરૂ થયું છે.

ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વર્તમાન લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અગાઉ જ બોલ્યા હતા કે શહીદોને યાદ કરીને મત આપજો. આને પગલે હોબાળો થયો. આનાથી છેક તળિયા સુધીના રાજકીય કાર્યકર્તાઓને અણસાર મળી ગયો કે મતની મમતમાં કોઈ મર્યાદા પાળવાની જરૂર નથી. ઉપરસે ચલી આતી હૈ. લશ્કર, સૈનિકો અને શહીદોને રાજકારણમાં લપેટવાની સૌથી વધુ નિંદનીય ચેષ્ટા થાય છે રાજસ્થાનની બે બેઠક પર. છઠ્ઠી મેએ મતદાન માટે જનારી ઝુનઝુન અને સિકર બેઠક પર વિકાસ, પ્રગતિ, રાફેલ, માલ્યા, ચોક્સી, ફુગાવો, મોંઘવારી જેવા ચૂંટણીના મુદ્દા પર ગરમાવો આવ્યો નથી. આ બેઉ બેઠકો પર મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષો ભાજપ અને કૉંગ્રેસ સૈનિકો અને લશ્કરના મુદ્દાને ચગાવવાની કોઈ તક છોડતા નથી.

ઝુનઝુન અને સિકરમાં લગભગ દરેક ઘરમાંથી કોઈને કોઈ લશ્કર કે અર્ધ-લશ્કરી દળમાં છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ બેઠક પર મતદારોને વ્હાલા થવા માટે સૈનિકો અને અર્ધ-લશ્કરી દળના જવાનોની સમસ્યાને વાચા અપાય છે. આ બંને જિલ્લાના પચીસેક હજાર જવાનો લશ્કર કે અર્ધ-લશ્કરી દળોમાં છે. ઝુનઝુનમાં પચાસ હજાર અને સિકરમાં પાત્રીસ હજાર નિવૃત્ત લશ્કરી અધિકારીઓ વસે છે. આખા રાજસ્થાનના ૧૬૭૬ શહીદમાંથી ૪૫૭ ઝુનઝુનના અને ૨૧૫ સિકરના છે. કહી શકાય કે અહીં મોટા ભાગના મતદારોના હૃદયને કઈ બાબત સ્પર્શે એ રાજકારણીઓ જાણે છે. એ પ્રમાણે પ્રચાર કરવામાં તેઓ ચૂંટણી પંચના કોઈ નિર્દેશનું પાલન કરતા નથી. આ બંને બેઠક પર દેશપ્રેમને બિરદાવવાને બદલે વર્દીધારીઓમાં જાણે ભેદભાવ ઊભા કરાવાઈ રહ્યાં છે. પુલવામા અને બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈકની વાતો તટસ્થપણે ચર્ચવાને બદલે કંઈક ભળતું, અનિચ્છનીય થઈ રહ્યું છે. પુલવામામાં શહીદ થનારા જવાનો અર્ધ-લશ્કરીદળના એટલે કે સી.આર.પી.એફ.ના હતા. આ શહીદોના પરિવારના કાનમાં એકની એક વાત વારંવાર નખાય છે કે અર્ધ-લશ્કરી દળોને સૈનિકો જેટલા લાભ મળતા નથી, એમને શહીદનો દરજ્જોય અપાતો નથી. હકીકતમાં લશ્કર દ્વારા કોઈને સત્તાવારપણે શહીદ જાહેર કરાતા નથી કે આવી કોઈ બંધારણીય જોગવાઈ નથી, છતાં લાગણીને ઉશ્કેરીને મત માંગવા આટલા નિમ્નસ્તરે ઊતરવામાં કોઈ ચૂકતું નથી. બધા દેશ માટે લડે છે અને જરૂર પડ્યે શહીદ થાય તો એમની વચ્ચે મતભેદ અને કડવાશ ઊભા કરવાનું કામ કેટલું હિન કક્ષાનું ગણાય? કબૂલ કે બંનેને સમાન માન, ભથ્થા અને વળતર મળવા જોઈએ. પરંતુ આ અસમાનતા માટે કૉંગ્રેસ જો વર્તમાન કેન્દ્ર સરકારને દોષિત ગણે તો સાત દાયકા સુધી તેમના પક્ષે શું કર્યું હતું?

વળતો પ્રહાર કરતા ભાજપવાળા કોલર ઊંચો કરીને બરાડા પાડે કે અમારી સરકારે જ અર્ધ-લશ્કરી દળોના જવાનોના બાળકો માટે મફત શિક્ષણની અને વળતરની જોગવાઈ કરી એ રખે ભુલાય. સશસ્ત્ર દળોની સિદ્ધિ અને બલિદાનમાંથી રાજકીય લાભ ખાટવા માટે ભાજપ પ્રયાસરત હોવાનું અજાણ નથી, પણ સામે પક્ષે કૉંગ્રેસેય સંયમ જાળવતો નથી એ દીવા જેવું સ્પષ્ટ છે.

ઘણાં મતદારો બેમાંથી એકેય પક્ષની શેહમાં તણાયા વગર ફરિયાદને વાચા આપે છે. કૉંગ્રેસના જમાનામાં શહીદોના પરિવારને અપાયેલા વચનો ભાજપના શાસનમાં પૂરા થયા નથી, તો આમાં વાંક તો બંનેનો ખરો કે નહિ? આ સૈનિકોના નગરમાં કેટકેટલાંય પરિવાર સ્વજનોની અકાળની ચિરવિદાયની પીડા ભૂલી શકતા નથી. કારણ કે રાજકારણીઓ કોણી પર ગોળ લગાડવાની ક્રૂર રમત રમીને જતા રહે છે. એમના ઠાલા વચનો અખબારોની શાહી અને ચેનલોના પ્રસારણમાંથી થઈને સરકારી ઓફિસમાં કેદ થઈ જાય છે.

શહાદતને નામે રાજકીય ખેલની ક્રૂરતા આચરનારાઓને સદ્બુદ્ધિ મળે એવું ય કેવી રીતે વિચારી શકાય? આ કામ માત્ર ને માત્ર શહીદો અને સૈનિકોના પરિવારના મતદારોની વિવેકબુદ્ધિ જ કરી શકે.

પીગળી રહેલા વિશ્વભરના ગ્લેશિયર્સ

ફક્ત ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બદલાઈ રહ્યું છે અને તેની અસર પણ વિશ્વ પર પડી રહી છે. કુદરતી હરિયાળીને તો અસર થાય જ પણ મસમોટા બરફીલા પહાડો પર પણ તેની અસર થઈ રહી છે, જ્યાં માનવીઓ જતાં ડરે છે. સામાન્ય રીતે વિશ્વના સૌથી ઊંચા પહાડો પર સૌથી વધારે બરફ અને ઠંડી હોય છે. ત્યાં વ્યવસાયિક ટ્રેકિંગ કરતા લોકો જ વધારે જતા જોવા મળે છે, જેમને પણ હિમપ્રપાત ક્યારેક પોતાનામાં ઓગાળી લે છે. આમ છતાંય આવા પહાડો અને તેના પરનો બરફ એ આપણી કુદરતી સંપત્તિ છે અને વિશ્વભરમાં વાતાવરણને સંતુલિત કરે છે. પણ જેમ જેમ હવે ધીરે ધીરે હરિયાળી ઓછી થતી જાય છે, તેમ તેમ જંગલોનો નાશ થતો જાય છે અને તેના કારણે વરસાદ અને પર્યાવરણ પર જે અસર પડે છે તેમ આવા પહાડો પણ જો ઓગળવા લાગશે તો પૃથ્વી પર તેની જબરજસ્ત અસર તો થશે જ.

વિશ્વના મોટા મોટા અને સૌથી ઊંચા પહાડો પર પથરાયેલો બરફ હવે ધીરે ધીરે ઓગળી રહ્યો છે. આથી આ બરફના પહાડો સમગ્ર રીતે ઓગળી જાય અને તેના કારણે ગ્લોબલ વૉર્મિંગ થાય તે પહેલા જ ગ્લેશિયોલોજિસ્ટ અને પર્યાવરણવાદીઓ અને તેને સંબંધિત વિભાગોના અધિકારીઓ એવું ઈચ્છે છે કે સદીઓ ને વર્ષો જૂના આ બરફ તથા તેના વિશેની માહિતી ભેગી કરીને તેનો સંગ્રહ કરવામાં આવે. સ્વિસ લેબોરેટરીના ફ્રેન્કોઈસ બર્ગે મૉન્ટ બ્લૅન્ક વિશે કહે છે, દરિયાઇ સપાટીથી ૪,૨૦૦ મીટરની ઊંચાઈએ ખુલ્લા આકાશની નીચે ક્યારેય તમને રાત્રિ તો જોવા મળે જ નહીં, કારણ કે ત્યાં આકાશનો પ્રકાશ બરફનો ચળકાટ હંમેશાં તે પહાડને ચળકતો જ રાખે છે. ત્યાં પૃથ્વીનું હળવું પ્રદૂષણ પણ પહોંચી શક્તું નથી આથી પહાડની સપાટીનો રંગ એકદમનવા પ્રકારનો દૂધિયો લાગે છે. મને લાગે છે કે મેં તેના ઘણા રંગો જોયા છે અને તમારે આ કામ કરવા માટે તમારા દિલથી તેને જોવું પડે.

ઈટલીમાં કા' ફોસકારી યુનિવર્સિટી ઑફ વેનિસ સાથે સંકળેયલા એક ગ્લેશિયોલોજિસ્ટ બર્ગેએપણ ૨૦૧૬માં ઑગસ્ટ મહિનામાં એક સપ્તાહ માટે ફ્રાંસ અને ઈટલીને જુદા પાડતા



આઈકોનિક પીક પર કૅમ્પ કર્યો હતો. આઈસ મેમરી પ્રોજેક્ટના ભાગરૂપે તેત્યાં કોલ ડ્યુ ડૉમમાંથી આઈસ કોર્સ ભેગા કરવા ગયા હતા, જ્યાંથી તે વિમાન દ્વારા નીચે આવ્યા પછી તેને ગ્રીનોબલ લૅબમાં સ્ટોર કર્યો હતો. એક દિવસ સંશોધકોને આશા છે કે આ પ્રોજેક્ટના ભાગરૂપે આ આઈસ કોર્સ એન્ટાર્ક્ટિકા સુધી પ્રવાસ કરશે, જ્યાં સદીઓથી રહેલા બરફ અને તેના વિશેની માહિતીનો સંગ્રહ કરવામાં આવશે.

આ પ્રથમ અભિયાન પછી આ ટીમ બોલિવિયામાંઇલિમનીના પહાડોમાં ગઇ હતી ને આ વખતે તે ૬,૩૦૦ મી.ની ઊંચાઇએ (૨૦,૬૬૯ ફૂટ) ગ્લેસિયર પર ગઇ હતી અને ત્યાંથી બરફના કરા ભેગા કરીને તેઓ પગે ચાલીને નીચે આવ્યા હતા કારણ કે ત્યારે હેલિકોપ્ટર ઉપલબ્ધ નહોતા. હવે પછી આ વર્ષના અંતમાં તાન્ઝાનિયામાં કિલિમાન્જરો પર એક્સપીડીશનની યોજના આ યાદીમાં છે. તે પછી વધુ એવા ગ્લેશિયર્સ પર જશે, તેમાં નવા આંતરરાષ્ટ્રીય ભાગીદારો ઇટાલિયન-ફ્રેન્ચ આ અભિયાન કાર્યમાં ભાગ લેશે.

આ સંશોધકો કહે છે કે વિશ્વવના ગ્લેશિયર્સ હવે નાટકીય ઢબે પીગળી રહ્યા છે. એનું કારણ પણ માનવ સર્જિત વાતાવરણમાં આવેલો બદલાવ જ છે. યુનાઇટેડ નેશન્સની ઇન્ટરગવર્નમેન્ટલ પેનલવાતાવરણમાં થયેલા બદલાવ અંગે અંદાજો બાંધે છે કે જોગ્લોબલ વૉર્મિંગ થવાનું ચાલુ રહેશે તો આપણે આ સદીના અંતે પૃથ્વી પરના મોટા ભાગના બરફીલા પહાડો પરનો બરફ ગુમાવી દઇશું. તેમાં ગ્રીનલૅન્ડ અને એન્ટાર્ક્ટિકાના બરફનો પણ સમાવેશ થાય છે.

વિશ્વના ગ્લેશિયર્સ એકદમ રીતસરના જ આપણા પગ નીચેથી સરકી રહ્યા છે એમ કાર્લો બાર્બેન્ટા કહે છે, જે કા' ફોસ્કારી યુનિવર્સિટી ખાતે પેલીઓક્લાઇમેટોલોજિસ્ટ છે તથા આઇસ મેમરી પ્રોજેક્ટના સ્થાપક પણ છે. તે કહે છે, ૧.૫ અબજ લોકો પીવાના પાણી અને સિંચાઇ માટે ગ્લેશિયર્સ પર આધાર રાખે છે ત્યારે આ પરિસ્થિતિ બહુ ખરાબ ગણાય., પણ ગ્લેશિયર્સ વિસ્તારોમાં બરફ એ માહિતીની સમૃદ્ધિ છે. વિશ્વવના ગ્લેશિયર્સ રીતસરના અદશ્ય થઇ રહ્યા છે, એમ કાર્લો બાર્બેન્ટે કહે છે. તેઓ કહે છે, આપણે મોટા ભાગે એ વાત પર વધારે ધ્યાન આપીએ છીએ કે પહાડો પર બરફ પીગળી જશે તેવો ભય તોળાઇ રહ્યો છે આથી તેના કારણે ભારત જેવા ઉપખંડો જ્યાં પાણીની અછત હોય છે ત્યાં ભય લાગે છે. પણ વૈજ્ઞાનિકો બરફ પર અભ્યાસ કરી રહ્યા હોય તેમને ખબર પડે છે કે બરફ તો બરાબર પણ તેમના વિશેની માહિતી પણ આપણે ગુમાવી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે આના માટે કંઇક કરવું જોઇએ.

આથી વિવિધ જગ્યાના બરફ અંગે માહિતી મેળવવાના ભાગરૂપે ફ્રેન્ચ પર્યાવરણવાદી અને ગ્લેશિયોલોજિસ્ટ્સ બાર્બેન્ટે અને તેની ટીમ વિશ્વવના ગ્લેશિયર્સમાંથી બરફના સેમ્પલ્સ લઇને તેનો સંગ્રહ કરે છે અને તેને વિવિધ પેટીઓમાં પૅક કરીને તેના વિશેની માહિતીઓ પણ નોંધે છે. દરેક જાતના બરફનો એક કિંમતી ઇતિહાસ હોય છે અને તેનો ભૂતકાળ હજારો વર્ષ જૂનો હોય છે. બરફમાંથી ગેસના નાના બબલ્સ પણ નીકળે છે, ડસ્ટ પણ નીકળે છે અને નાનાજીવો, પરાગ વગેરે મળી આવે છે, જેના પરથી પણ તે બરફ અને જગ્યા વિશેનો માનવ ઇતિહાસ અને રેકોર્ડ મળી આવે છે, એમ તે કહે છે.

આ આઇસ મેમરી ટીમ આશા સેવે છે કે ૨૦૨૦માં એન્ટાર્ક્ટિકામાંથી વિશાળ પ્રમાણમાં સેમ્પલ્સ ભેગા કરી શકાશે, જેનો અભ્યાસફ્રેન્ચ-ઇટાલિયન રીસર્ચ સ્ટેશન કોન્કોર્ડિયામાં સ્ટોર કરીને કરી શકાશે. આ પ્રોજેક્ટને યુનેસ્કો પણ સપોર્ટ કરી રહ્યું છે અને બાર્બેન્ટે કહે છે કે અમારી ટીમમાં માણસો વધારી રહ્યા છીએ અને તેમાં રશિયા, યુએસ અને ચાઇનાના સંશોધકોનો પણ સમાવેશ કરાયો છે.

તેમાંથી બરફના કરાંનો સંગ્રહ કરીને તેના સદીઓ જૂના ઈતિહાસ પર સંશોધન કરી રહેલા ગ્લેશિયોલોજિસ્ટ્સ

આલિયાએ રાજી, કલંક બાદ ફી વધારી દીધી

કલંક ફિલ્મ ફ્લોપ થઈ હોવા છતાં આલિયાની બોલબાલા

મુંબઈ

હાલના દિવસોમાં બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલી આલિયા ભટ્ટની બોલબાલા જોવા મળી રહી છે. હાલમાં રજૂ કરવામાં આવેલી તેની મહત્વકાંક્ષી ફિલ્મ કલંકને બોક્સ ઓફિસ પર અપેક્ષા મુજબની સફળતા મળી રહી નથી. આ ફિલ્મ ૧૫૦ કરોડના જંગી બજેટ સાથે તૈયાર કરવામાં આવી હતી. જો કે આ ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ હજુ સુધી ૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી શકી છે. કલંક ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હોવા છતાં તે પહેલા તેની રાજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મને રેકોર્ડ સફળતા મળ્યા બાદ હવે આલિયા ભટ્ટે તેની ફીમાં વધારો કરી દીધો છે. તે એક ફિલ્મમાં કામ કરવા માટે નવ કરોડ રૂપિયા મેળવી રહી છે. તેની બોલબાલા સતત વધી રહી છે. આલિયા સ્ટારડમ વધી ગયા બાદ વધારે ફી લેતી સ્ટાર બની ગઈ છે. આલિયા ભટ્ટે હવે પોતાની ફી વધારી દીધી છે. એવા હેવાલ મળ્યા છે કે હજુ સુધી એક ફિલ્મમાં કામ કરવા માટે પાંચ કરોડની ફી લેનાર આલિયા ભટ્ટ હવે નવ કરોડ ફી લેવાનો નિર્ણય કરી ચુકી છે. અહેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો તે હવે જે ફિલ્મ કરી રહી છે તેમાં કામ કરવા માટે તેને નવ કરોડ રૂપિયા મળી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં આશરે એક ડઝન જેટલી ફિલ્મો કરી ચુકેલી આલિયાની મોટા ભાગની ફિલ્મો સફળ રહી છે. રાજીની સક્સેસ પાર્ટી વેળા કરણ જોહરે કહ્યુ હતુ કે હજુ સુધી આલિયાએ જેટલી પણ ફિલ્મો કરી છે તેમાં માત્ર શાનદાર અપેક્ષા



મુજબ સફળ રહી નથી. જાણકાર લોકોનુ કહેવુ છે કે આલિયાની ફી નક્કી કરવામાં કરણ જોહરની ભૂમિકા રહેલી છે. રાજી ફિલ્મની સફળતા બાદ કરણ જોહરે ફી નક્કી કરી છે. સામાન્ય રીતે બોલિવુડમાં જે પણ મહિલા પ્રધાન ફિલ્મો હોય છે તે ફિલ્મોના કમાણીના આંકડા ૧૦૦ કરોડના આંકડાને પાર કરી જતા નથી. આલિયા પહેલા દિપિકા, કંગના, પ્રિયંકા ચોપડા, સોનમની ચર્ચા રહી હતી.

સલમાન સાથે ફિલ્મ મળતા દિશા ખુબ ઉત્સુક

દિશાની ભારત ફિલ્મ પાંચમી જૂને રજૂ કરવા માટેનો નિર્ણય



મુંબઈ

બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલી અભિનેત્રી દિશા પટની લોકપ્રિય સ્ટાર અભિનેત્રીની યાદીમાં સામેલ થઈ રહી છે. તેને સલમાન ખાન સાથેની ભારતમાં કામ કરવાની તક મળ્યા બાદ હાલના દિવસોમાં ભારે ખુશ દેખાઈ રહી છે.ભારત ફિલ્મમાં દિશા પટની તબ્બુ, કેટરીના કૈફ જેવી અભિનેત્રીઓની સાથે નજરે પડશે. ફિલ્મમાં સુનિલ ગ્રોવર અને જેકી શ્રોફની પણ ભૂમિકા રહેલી છે. આ ફિલ્મ પાંચમી જૂનના દિવસે રજૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ ફિલ્મમાં કામ કર્યા બાદ તેને વધુ મોટી ફિલ્મ હાથ લાગે તેવી શક્યતા છે. બોલિવુડ અને હોલિવુડની ફિલ્મોમાં કામ કરી રહેલી પ્રિયંકા ચોપડાએ આ ફિલ્મ છોડી દીધા બાદ ફિલ્મના કલાકારોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. પ્રિયંકાની જગ્યાએ પહેલા કેટરીના કેફને લેવામાં આવી હતી. સલમાન ખાન જેવા સુપરસ્ટાર સાથે ફિલ્મ મળ્યા બાદ તે ભારે ખુશ દેખાઈ રહી છે. થોડાક સમય પહેલા રજૂ કરવામાં આવેલી તેની બાગી-૨ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં પણ તે નજરે પડી હતી. તેની પાસે સારા સારા પ્રોજેક્ટ આવી રહ્યા છે. સલમાન ખાનની મોટી ફિલ્મ હાથ લાગ્યા બાદ તે ભારે ખુશખુશાલ દેખાય છે. સલમાન ખાનના પ્રોડક્શન હેઠળ જ આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ભારત ફિલ્મમાં રોલ મેળવી લેવા માટે શ્રદ્ધા કપુરે પણ તમામ તાકાત લગાવી હતી જો કે તેને સફળતા મળી નથી. બાગી-૨ ફિલ્મ બાદ દિશા પાસે હાલમાં કોઈ ફિલ્મ ન હતી જેથી તેની પસંદગી કરી લેવામાં આવ્યા બાદ તે આશાવાદી બનેલી છે. સલમાન ખાનના સૌથી મોટા પ્રોજેક્ટ તરીકે આને ગણવામાં આવે છે. ફિલ્મમાં ભારતના ૭૦ વર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કરવામાં આવનાર છે. જેમાં ભારત-પાકિસ્તાનના ભાગલાની વાર્તા સામેલ છે. કેટરીના-સલમાનની જોડી ફરી સાથે દેખાઈ રહી છે.

પહેલીવાર બ્લેક ડ્રેસમાં બિગ બોસ સ્ટાર નેહા પોડસેએ બબાલ મચાવી

મુંબઈ

બિગ બોસ ૧૨ સીઝન પુરી થયા પછી ફરી એકવાર નેહા પેન્ડસે તેની બોલ્ડ ફોટોને કારણે ચર્ચામાં છે. નેહા પહેલાથી જ ટીવીની લોકપ્રિય સ્ટાર છે. તેવી સ્થિતિમાં બિગ બોસમાં આવ્યા પછી તેની લોકપ્રિયતામાં ચાર ચાંદ લાગી ગયા. નેહાની તસવીરો ફરી એકવાર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

નેહાએ આ વખતે બ્લેક ડ્રેસમાં ખુબ જ સેક્સી ફોટો પોસ્ટ કરી છે, જેને તમે જોતા જ રહી જશો. આ કોઈ પહેલીવાર નથી જયારે નેહાએ આ પ્રકારની ફોટો શેર કરી હોય. આ પહેલા પણ તે પોતાની કેટલીક હોટ ફોટો શેર કરી ચુકી છે.નેહા ફરી એકવાર ઈન્સ્ટાગ્રામ પર ખુબ જ હોટ અને સેક્સી જોવા મળી રહી છે. નેહાએ પોતાની ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેને ખુબ જ ઝડપથી જોવામાં આવી રહી છે. ઘણા લોકો નેહાની આ ફોટો પર કમેન્ટ કરી રહ્યા છે.

નેહા ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર બોલ્ડ પોલ ડાન્સ વીડિયો અપલોડ કરી ચુકી છે. પરંતુ બિગ બોસના ઘરમાં તેના પોલ ડાન્સે ઘરથી લઈને બહાર બધાને ચકિત કરી દીધા હતા.નેહાની વાયરલ ફોટો જોઈને તમે પણ સમજી જશો કે નેહા કોઈ બોલિવૂડ સ્ટારથી બિલકુલ પણ ઓછી નથી. નેહાની વાયરલ ફોટો પર એક નજર કરો..

નેહાએ જણાવ્યું હતું કે ફિલ્મી બેકગ્રાઉન્ડ નહીં હોવાને કારણે ઘણીવાર તેને કાસ્ટિંગ કાઉચની શિકાર થવું પડ્યું હતું. પરંતુ તેને દરેક પ્રસ્તાવને ઠુકરાવી દીધો.નેહા હજુ સિંગલ જ છે અને બિગ બોસ ૧૨ દરમિયાન તેને આ વાતનો સ્વીકાર કર્યો હતો .નેહાએ જણાવ્યું કે ત્રણ વર્ષ પહેલા તેનું બ્રેકઅપ થઈ ગયું છે. ત્યારપછી થી સિંગલ જ છે.



નેહાની લેટેસ્ટ તસ્વીર જોઈને લાગે છે કે તેઓ મેડમ નહીં પરંતુ હવે મિસ બની ચુકી છે. ટીવીનો ફેમસ ચેહરો બની ચુકેલી નેહા મરાઠી ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાની ઓળખ બનાવી ચુકી છે.રિપોર્ટ્સ અનુસાર નેહાનો આ પોલ ડાન્સ પણ વજન ઓછું કરવાનો એક ભાગ છે.નેહાએ કપિલ શર્મા સાથે તેમનો લેટેસ્ટ શૉ ફેમેલી ટાઈમ વિથ કપિલ શર્મા હોસ્ટ કર્યો હતો. મેં આઈ કમ ઈન મેડમ સિરિયલએ તેમને રાતો રાત સ્ટાર બનાવી હતી. નેહા પોડસેના વધતા વજનને કારણે તેમની ખુબ જ આલોચના પણ કરવામાં આવી હતી.

ટીમ ઈન્ડિયાને વિશ્વકપમાં જીતવો હશે તો બોલીંગ આક્રમણ રાખવી પડશે

મુંબઈ

ટીમ ઈન્ડિયાને વિશ્વકપમાં જીતવો હશે તો બોલીંગ આક્રમણ રાખવી પડશેજોઈને સમજી શકાય કે જો વર્લ્ડ કપ જીત્યા તો તેમાં બોલિંગ આક્રમણનો સૌથી મોટો રોલ હશે

વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની પસંદગી થઈ તો સૌથી પહેલી નજર એ ખેલાડીઓ ઉપર જેમના કારણે વર્લ્ડ કપ જીતી શકાય છે. બોલિંગમાં દરેક બોલર મેચ જીતાડવાની ક્ષમતા રાખે છે. ટીમ ઈન્ડિયાને જોઈને સમજી શકાય કે જો વર્લ્ડ કપ જીત્યા તો તેમાં બોલિંગ આક્રમણનો સૌથી મોટો રોલ હશે. છેલ્લા કેટલાક વર્ષોથી જે સફળતા ભારતીય ટીમે મેળવી છે તેમાં બોલિંગ આક્રમણનો મોટો હાથ છે. તે પછી ફાસ્ટ બોલર હોય કે સ્પિન બોલર.

સારા બોલરનો મતલબ શું છે તે આરસીબીને પુછો. તેની સાથે ડેલ સ્ટેઈન જોડાયો તો અચાનક ટીમ બદલી-બદલી જોવા મળી રહી છે. સતત પરાજય પછી છેલ્લી બે મેચમાં વિરાટ કોહલીની કેપ્ટનશિપવાળી ટીમે જીત મેળવી છે. આ બંને જીતમાં બોલિંગ આક્રમણની શરુઆત મહત્વની વાત રહી છે. બોલિંગ આક્રમણમાં ડેલ સ્ટેઈને આવવાથી ફરક જોવા મળે છે. પહેલા કેકેઆર સામેની મેચમાં સ્ટેઈને ક્રિસ લિનને શરુઆતમાં આઉટ કરીને હરીફ ટીમ પર દબાણ



બનાવ્યું હતું. આ પછી ચેન્નાઈ સામે શરુઆતમાં શેન વોટ્સન અને રૈનાને આઉટ કરી દબાણ બનાવ્યું હતું.

સ્ટેઈન થોડો દિવસો પહેલા જ આરસીબી સાથે જોડાયો છે. તેનો નાથન કૂલ્ટર નાઈલના સ્થાને સમાવેશ કરાયો છે. સ્ટેઈનનું ઉદાહરણ બતાવે છે કે વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાના બોલરોએ યોગ્ય રીતે પોતાનું કામ કર્યું તો બધુ જ શક્ય બની શકે છે. ટીમ પાસે એવા બોલરો છે, જે પોતાના દમ ઉપર મેચ જિતાડી શકે છે. પછી તે જસપ્રીત બુમરાહ, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ શમી, કુલદીપ યાદવ કે ચહલ. આ ચાલશે તો ટીમ ચાલશે. આઈપીએલમાં સ્ટેઈનની કમાલ આ તરફ ઈશારો કરે છે.

બોલિવૂડ એક્ટ્રેસ સુરવીન ચાવલાના ઘરે આવી 'નન્હી પરી'



મુંબઈ

બોલિવૂડની અભિનેત્રી સુરવીન ચાવલા તાજેતરમાં માતા બની ગઈ છે. તેણે એક પુત્રીને જન્મ આપ્યો. લોકો તેમની પુત્રીની ઝલક જોવા માટે બેહતાબ હતા. તે જ સમયે સુરવીને તેમની પુત્રી ને લઈને મીડિયા સામે આવી છે. સુરવીન તાજેતરમાં જ હોસ્પિટલથી બહાર નીકળી ત્યા તે તેમની પુત્રી સાથે મીડિયા સામે આવી હતી. પુત્રીને હાથમાં લઈને તે તેમના પતિ સાથે નજર આવી.

ફિલ્મ 'હેટ સ્ટોરી ૨' મા બોલ્ડ સીન આપીને તેણી ચર્ચામાં આવી હતી. ફિલ્મોમાં જોડાતા પહેલા સુરીવીન ટીવી અભિનેત્રીની ઓળખ બનાવી આવી હતી. તેણે ટીવી સિરિયલ 'કહી તો હોગા' થી શરુઆત કરી. સુરવીન ચાવલાએ એકતા કપૂરની ટીવી શો 'કસોટી જિંદગી કી' માં અભિનય કર્યો હતો. આ ઉપરાંત, તેમણે 'કોમેડી સર્કસના સુપરસ્ટાર્સ શો' શો ને પણ હોસ્ટ કરતી નજર આવી હતી.

તેમની પહેલી બોલિવૂડ ફિલ્મ હતી 'હમ તુમ ઔર શબાના' , આ ફિલ્મ બોક્સ ઓફિસમાં એક ફ્લોપ થઈ હતી. ત્યબાદ અજય દેવગણની 'હિંમતવાલા' માં આઈડમ ડાન્સ કરતી જોવા મળી હતી. ૨૦૧૪માં આવેલી હેટ સ્ટોરી ૨થી તેને બોલિવૂડ અભિનેત્રી તરીકે ઓળખ મળી.

સુરવીન તેમની ખાનગી જિંદગીને પ્રાઈવેટ રાખવાનું પસંદ કરે છે. તેણે ૨૦૧૫માં અક્ષય ઠક્કર સાથે લગ્ન કર્યા, પરંતુ તેણે આ લગ્ન લોકોથી બે વર્ષથી છુપાવ્યા. ૨૦૧૭માં લગ્નની તસવીર શેર કરી સુરવીને તેમના ફેન્સને આશ્ચર્યચકિત કર્યા. જો કે ગર્ભાવસ્થા દરમિયાન સુરવીન સતત તેના ફેન્સ સાથે જોડાયેલી રહેતી હતી. બેબી બમ્પ્સની તસવીર પણ તેણીએ સોશિયલ મીડિયા પર શેર કરી, સુરવીનને ખૂબ ખૂબ અભિનંદન.

શૂટિંગ છોડીને બહેનનો ચુંટણી પ્રચાર લાગ્યો સંજય દત્ત

મુંબઈ

એક્ટર સંજય દત્ત ભલે રાજનીતિથી દુર રહેતો હોય પણ પોતાની બહેન અને કોંગ્રેસ ઉમેદવાર પ્રિયા દત્તાને પુરેપુરો સપોર્ટ કરી રહ્યો છે. સંજય દત્તે મુંબઈમાં પ્રિયા માટે ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો. બહેન સાથે ઉભા રહીને સંજય દત્તે લોકોને મત આપવા અપીલ કરી હતી.

સંજય દત્તે પોતાના પરિવારની ખુબ નજીક છે. જયારે પ્રિયા દત્ત



બાંદ્રા કલેક્ટર ઓફિસમાં લોકસભા ચૂંટણી માટે પોતાનું નામાંકન ભરવા ગઈ હતી, તે સમયે સંજય પોતાની ફિલ્મ કલંકના પ્રમોશનમાં અને શૂટિંગમાંથી ટાઈમ કાઢીને પ્રિયાની સાથે ગયો હતો.

પ્રિયા દત્તા નામાંકન પહેલા બપ્પાના દરબારમાં આશિર્વાદ લેવા પહોંચી હતી, ત્યારબાદ પ્રિયા દત્ત પોતાના ભાઈ સંજય દત્તના ઘરે પહોંચી હતી. વર્ષ ૨૦૧૯માં કોંગ્રેસની ટિકીટ પર મુંબઈ નોર્થ સેન્ટ્રલ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહી છે. પ્રિયા દત્તની ટક્કર સાંસદ પૂનમ મહાજન સાથે છે. વળી, બસપાએ પણ અહીંથી ઈમરાન મુસ્તપા ખાનને મેદાનમાં ઉતાર્યો છે.

રાજપીપળા પાલિકાના સદસ્યો સિવાયના અમુક વોર્ડમાં પાયાની સુવિધાનો અભાવ...?!

ડોર ટુ ડોર કચરો,નિયમિત સફાઈ સહીત કેટલીક તકલીફ છાસવારે સાંભળવા મળવા છતાં આઠ જેવા સફાઈ સુપરવાઈઝરો કેમ પગલાં લેતા નથી...?
દરબાર રોડ સહિતના કેટલાક વિસ્તારોમાં કચરો ન ઉઘરાવતા પાલિકાએ આપેલા ડસ્ટબીન ઉભરાઈ જતા લોકોના ઘરોમાં મચ્છરોનો ઉપદ્રવ

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકામાં થોડા સમય પેહલા કડક કામગીરી થતી હતી પરંતુ હાલ ઘણા સમયથી સત્તાધીશો જાણે બીમાર પડી ગયા હોય એમ શહેરીજનોને પાયાની સુવિધા આપવામાં ઢીલા સાબિત થઈ રહ્યા લાગે છે .

એક તરફ ૪૨ થી ૪૩ ડિગ્રી આકરી ગરમી થી ગ્રામજનો હેરાન છે ત્યારે બીજી તરફ ગામમાં સફાઈ બાબતે અમુક વિસ્તારોમાં ઓરમાયું વર્તન રખાઈ રહ્યું હોય એમ લાગે છે જોકે જે જે વિસ્તારો કે ગલીઓમાં પાલિકા સદસ્યો રહે છે ત્યાં લઘભગ નિયમિત સફાઈ સહિતની કામગીરી થાય છે તો આમ નાગરિકો વેરો નથી ભરતા...? વાત કરીયે દરબાર રોડ પર આવેલી પારેખ ખડકી ની તો ત્યાં ક્યારેય ડોર ટુ ડોર કચરો



ઉઘરાવતી બહેનો ફરકતી નથી હા પણ જો ત્યાંના રહીશ ફરિયાદ કરે તો એકાદ બે દિવસ આવ્યા બાદ ગાયબ અને કોઈ તહેવાર હોય ત્યારે પૈસા ઉઘરાવવા આવે ખરી અને જયારે સ્થાનિકો પૂછે તો અમને સાહેબે બીજે મુક્યા હતા એવી વાત સાંભળવા મળે છે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ના નિવાસસ્થાન હોય કે પાલિકા સભ્યો ના ઘર હોય તો ત્યાં નિયમિત કામગીરી થાય છે ત્યારે આમ જનતા સાથે ઓરમાયું વર્તન કેમ રખાય છે...? અમુક વિસ્તારોમાં કચરાપેટીઓ પણ ચાર ઘણી ભરાઈ ગયા બાદ સ્થાનિકો ફરિયાદ કરે ત્યારબાદ તેને ખાલી કરવામાં આવે છે તો પાલિકા સત્તાધીશો ને આ કામદારો ગાંઠતા નથી...? સફાઈ કામદારોના માથે આઠ જેવા સુપરવાઈઝરો મુકાયા છે તેમ છતાં જો શહેરમાં સફાઈ જેવી બાબત ગંભીરતાથી ન લેવાય તો શું પાલિકા તંત્ર કોઈ મોટા રોગચાળા બાદ ઊંઘ ઉડાડશે ...? કડક છાપ ધરાવતા ચીફ ઓફિસર સાહેબ સફાઈ સુપરવાઈઝરો ની ઢીલી કામગીરી માટે પગલાં ભારે તેવી લોક માંગ છે .

અમારા ફળિયામાં ત્રણ દિવસથી સફાઈ કે કચરો લેવા કોઈ આવ્યું નથી : ભાનુબેન પરીખ (સ્થાનિક)

દરબાર રોડ પારેખ ખડકીમાં રહેતા ભાનુબેન પરીખે જણાવ્યું કે અમારા ફળિયા માં ત્રણ દિવસથી વાળવા વાળા કામદાર નથી આવ્યા અને કચરો લેવા વાળી બહેનો તો ક્યારેક્જ આ ગલીમાં આવે છે લોકો બીમાર થશે તો કોણ જવાબદાર.

પાલેજ પો.સ્ટે વિસ્તારમા તીન પત્તીનો જુગાર રમતા અગીયાર શકુનીઓને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડસામા તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર જે. એન.ઝાલાના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ. એસ. ચૌહાણ તથા એલ.સી.બી.ની ટીમ પાલેજ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના હે.કો. જયેન્દ્રભાઈને મળેલ બાતમી આધારે પાલેજ રેલ્વે ફાટક પાસે આવેલ એસ.કે-૨ સોસાયટી સામે ખુલ્લી જગ્યામા જુગાર રમતા અગીયાર આરોપીઓને પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીઓના નામ- (૧) ઈમામખાન નીઝામખાન પઠાણ રહે. જુમ્મા મસ્જીદ પાસે પાલેજ તા.જી. ભરૂચ (૨)સંતોષ કુમાર ગંગાપ્રસાદ અગ્રવાલ રહે.મકાન નં-૩૦૨ બીલ્ડીંગ નં-૩ શ્રીજીનગરી રામનગર જી.સુરત (૩) વલીભાઈ ઈસ્માઈલભાઈ પટેલ રહે. પટેલ'ફળીયુ સાંસરોદ તા.કરજણ જી.વડોદરા (૪) મહંમદ ફારુક ગુલામભાઈ દુધવાલા રહે.હનુમાન ફળીયુ, ન્યાય મંદીર સાયકલ બઝાર જી.વડોદરા (૫) મુબારક મોહંમદ કેશવાનીયા રહે. પટેલ ફળીયુ કરગટ તા.જી.ભરૂચ (૬) રાકેશભાઈ મણીભાઈ પટેલ રહે. નવાબજાર શીવશક્તી પાર્ક આસ્થા હોસ્ટેલની સામે પાદરા રોડ તા.કરજણ જી.વડોદરા (૭)મોહંમદ ઈબ્રાહીમ અબ્દુલ કાદર ખજુરીવાલા રહે.મોટી વોહરવાડી વાડી,વડોદરા (૮)ધર્મેશ કુમાર જયેશભાઈ દોષી રહે.મકાન નં-૩૭ માધવ પાર્ક સોસાયટી નવા બજાર તા.કરજણ જી.વડોદરા (૯) ઈસ્માઈલભાઈ મુસાભાઈ અહમદ પટેલ રહે.દરબાર સ્ટ્રીટ સેગવા ત.જી.ભરુચ (૧૦)નાસીરભાઈ સુલેમાનભાઈ સાજી રહે.ભાદી ગામ ખરોડ ગામ પાસે તા.અંક્લેશ્વર જી.ભરુચ (૧૧) ઈબ્રાહીમભાઈ હસનભાઈ પટેલ રહે.સંતોષી વસાહત સબજેલ પાસે તા.જી.ભરુચ

જપ્ત કરેલ મુદ્દામાલ

ઈસમોની અંગ ઝડતીના રોકડા રૂ ૨૧,૦૦૦/- તથા દાવ ઉપર થી મળી આવેલ રોકડા રૂપીયા ૭,૫૫૦/- કુલ્લે રોકડ રૂ. ૨૮,૫૫૦/- તથા મોબાઈલ ફોન-૯ કિં.રૂ. ૩૨,૦૦૦/- મળી કુલ કિં.રૂ ૬૦,૫૫૦/-

વિશ્વ મેલેરીયા દિવસ અંતર્ગત વિરમગામમાં ૭ હજાર ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી



તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર સેમિનાર યોજાયો
સાણંદ ખાતે અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ દ્વારા લીલી ઝંડી બતાવીને રેલીનો શુભારંભ કરવામાં આવ્યો

ન્યુઝ.વિરમગામ

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા વિરમગામ શહેરમાં ૨૫મી એપ્રીલે વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ અને અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિરમગામ શહેરમાં ૭૦૦૦ ઘરોમાં એક દિવસમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી અને થોડી સાવચેતી રાખવામાં આવે તો મેલેરીયાથી બચી શકાય છે તે અંગે સમજણ આપવામાં આવી હતી. "મેલેરિયાને રોકો ન આપો એને ફેલાવાનો મોકો" અને "મેલેરીયાના અંતની શરૂઆત મારા પ્રયત્નોથી" સ્લોગન અંગે સમજ આપવામાં આવી હતી. વિરમગામ શહેરમાં આરોગ્ય કર્મચારીઓ માટે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર આયોજિત સેમિનારમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, તાલુકા સુપરવાઈઝર કે.એમ. મકવાણા સહિત મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાણંદ ખાતે અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ દ્વારા લીલી ઝંડી બતાવીને રેલીનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને ડીઆઈઈસીઓ વિજય પંડિત ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે વિરમગામ શહેરમાં આરોગ્ય કર્મચારીઓ માટે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ પ્રોગ્રામ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આરોગ્ય કર્મચારીઓની વિવિધ ટીમો દ્વારા વિરમગામ શહેરના ૭૦૦૦ ઘરોમાં એક સાથે પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. લોકોને મેલેરીયાના રોગથી બચવાના ઉપાયો સમજાવવામાં આવી હતી. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો મેલેરીયાથી બચી શકાય છે. ઉલટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઈને નિશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

નર્મદા બંધની સપાટીમાં વધારો થતા ખેડૂતોને રાહત જોકે પાણીની માંગ નર્મદા બંધમાં ગત વર્ષ કરતા વધુ



રાજપીપળા : નર્મદા જિલ્લામાં ૨ મોટા ડેમ આવેલ છે જેમાય ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ અને બીજો મધ્યમ કરજણ ડેમ પરંતુ હાલ ઉનાળાની આકરી ગરમીમાં લોકોને પીવાનું પાણી અને સિંચાઈ માટે પાણી ન મળતા પ્રજા પરેશાન છે ત્યારે બીજી બાજુ આજે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં વધારો થતા ગુજરાત માટે સારા સમાચાર પણ કહેવાય જોકે નર્મદા ડેમનું પાણી છેક કચ્છ સુધી આપવામાં આવે છે પરંતુ નર્મદા વાસીઓને જ સિંચાઈ કે પીવાનું પાણી ન મળતા દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે.

ભર ઉનાળે નર્મદા ડેમથી એક સારા સમાચાર ગુજરાતને મળી રહ્યા છે.ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમમાં ભર ઉનાળે પાણીની સપાટી ૧૧૯.૨૧ મીટર થઈ છે.જે છલતીથી ૨ જ મીટર દૂર છે.હાલ ડેમમાં પાણીનો જથ્થો ૧૧૦૫ મિલિયન ક્યુબીક મિટર જથ્થો મોજુદ છે.પાણીની આવક હાલ ૮૪૦૫ યુસેક્સ નોંધાઈ.

ઉલ્લેખનીય છે કે,ગત વર્ષે ૨૫ ફેબ્રુઆરીના રોજ પાણીની સપાટી ૧૦૪.૪૫ મીટર હતી જેથી હાલ ગત વર્ષ કરતા ડેમમાં પાણીની સપાટી ૧૪.૭૬ મીટર વધારે છે.અને પાણીની સપાટી માત્ર ૬૩૧ ક્યુસેક્સ હતી.ગત ફેબ્રુઆરીએ જે ડેમની સપાટી ૧૧૦.૬૪ મિટરથી નીચે જતા ડેમમાં લાઈવ સ્ટોક પાણીનો જથ્થો પૂર્ણ થઈ ગયો હતો.એટલે કહી શકાય કે, ગત વર્ષ જ નહી પણ છેલ્લા ૪ વર્ષમાં આટલી સારી સ્થિતિ પહેલી વાર બની છે.જોકે ઉનાળામાં પાણીની આવક થવાનું કારણ તો એ છે કે, સરદાર સરોવર ડેમનાં ઉપરવાસમાં મધ્યપ્રદેશમાં આવેલ ઈન્દિરાસાગર ડેમમાં થી નિયમોનુસાર ચોમાસા પહેલા રુલ લેવલ જાળવવા માટે જળ વિદ્યુત મથક શરૂ કરાતા ૧૦,૩૨૫ ક્યુસેક્સ પાણી છોડાઈ રહ્યું હતું.ઈન્દીરાસાગર ડેમમાં હાલ પાણીની સપાટી ૨૫૩.૪૬ મીટર છે. ઈન્દિરાસાગર ડેમમાં હાલ ૩૪૯૬ મિલિયન ક્યુબીક મીટર પાણી સંગ્રહાયેલુ છે.નર્મદા જળવિવાદ પંચના ચુકાદા મુજબ ૧ જુલાઈથી ૩૦ જૂન સુધી ૧૦,૦૦૦ દ્વષ્ઠ્ઠ પાણીનો જથ્થો સરદાર સરોવરને મળવાપાત્ર છે.જેથી આગામી ૨ મહિના સુધી પાણી છોડાતું રહેશે ત્યારે આવતા પ્રવાસીઓ પણ માને છેકે આજના દિને પાણીની સપાટી જોતા ગુજરાતને સિંચાઈ અને પીવાના પાણીની તંગી નહી વર્તાય એ વાત ચોક્કસ છે.

રૂષભ પેટ્રોલ પંપ પર બે બાઈકો સળગતા નાસ ભાગ

તાકીદે દોડી આવેલા ફાયર બ્રિગેડે મોટી હોનારત ટાળી

સુરત

સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે માનદરવાજા રૂષભ પેટ્રોલપંપ ઉપર અચાનક આગ લાગતા બે બાઈક સળગી ગઈ હતી જ્યારે પેટ્રોલ પુરવા માટે આવેલ બે લોકોને સામાન્ય આગ લાગી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૧૧:૩૦ વાગ્યાના સુમારે માનદરવાજ રૂષભ પેટ્રોલપંપ પેટ્રોલ પુરવા માટે આવેલ બાઈકમાં કોઈ અગમ્ય કારણસર આગ લાગી હતી. હિરો હોન્ડા પેશન પ્લસ જીજે-૦૫-કેજી-૯૯૫૮ તથા એક્ટિવા જીજે-૫-ડીએ-૩૩૭૫માં પેટ્રોલ પૂરતી વખતે આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. અસહ્ય ગરમીના લીધે તાપમાનનો પારો ઊંચો જવાથી પેટ્રોલપંપ પર આગ લાગતા બાઈકની સીટ કવર સળગી ગઈ હતી. આ ઉપરાંત પેટ્રોલ પૂરવા માટે આવેલા તારાબેન ટેલર અને કિશોર પાલીવાલને સામાન્યડ ઝાળ લાગી હતી. બનાવની જાણ થતા તાત્કાલિક માનદરવાજા ફાયર સ્ટેશનથી ઓફિસર કિષ્ણા મોઢ સ્થળ ઉપર પહોંચી આગને કાબૂમાં લેવામાં સફળ થયા હતા પેટ્રોલ પંપ ઉપર બે વાહનોમાં આગથી ત્યાં હાજર અન્ય વાહનો ચાલકો અને કર્મચારીઓમાં નાસ ભાગ મચી હતી.

દારૂના ખેપિયાના તા.૨૬'મી સુધી રિમાન્ડ

સુરત

કામરેજ ટોલટેક્સ પાસેથી એક ટેમ્પામાંથી પોલીસે વગર પાસ પરમીટની વિદેશી બ્રાંડની ૭૭૮૮ નંગ બોટલો કિંમત રૂા.૫.૩૧ લાખ તથા પાંચ લાખ રૂપિયાનો ટેમ્પો મળી કુલ રૂા.૧૦.૩૧ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ટેમ્પો ક્લીનરની ધરપકડ કરી કઠોર કોર્ટમાં રજૂ કરી એલસીબીના પીએસઆઈ કંડોરીયાએ તા.૨૬ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા તાલુકાના તાતીથૈયા ગામના સોનીપાર્ક ખાતે રહેતા ટેમ્પો ક્લીનર સુનીલકુમાર શાહુ તથા ટેમ્પો ચાલક અને હલધરૂ ગામનો રહેવાસી ભાવેશ મેવાડા રાજસ્થાન પોતાના ટેમ્પા નં.જીજે-૦૧-એફટી-૨૪૯૩માં વિદેશી દારૂની વ્હીસ્કી તથા બીયરની નાની મોટી બોટલો મળી કુલ ૭૭૮૮ નંગ ભરીને રાજસ્થાન ભીલવાડાથી ભરીને આવતા હતા. ત્યારે કામરેજ ટોલટેક્સ પાસે પેટ્રોલિંગ કરી રહેલા એલસીબી શાખાના અનિલભાઈએ ટેમ્પો રોકીને તપાસ કરી રૂા.૫.૩૧ લાખનો મુદ્દામાલ તથા ટેમ્પો મળી કુલ રૂા.૧૦.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે ટેમ્પો ક્લીનર સુનીલ શાહુની ધરપકડ કરી હતી. જ્યારે ટેમ્પો ચાલક ભાવેશ તથા દારૂનો જથ્થો મંગાવનાર પૃથ્વીરાજ મારવાડી તથા પ્રકાશ મારવાડીને પોલીસે વોન્ટેડ બતાવ્યા હતા. પોલીસે ટેમ્પો ક્લીનરને કોર્ટમાં રજૂ કરી ૨૬મી સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.



માનદરવાજા પાસે આવેલા રૂષભ પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવા આવેલી બે બાઈકોમાં અચાનક આગ લાગતા ભારે અફડા તફડી મચી જવા પામી હતી. તાકીદે દોડી આવેલા ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવી મોટી હોનારત ટાળી દીધી હતી.

પોઈચા અને હનુમંતેશ્વરથી ચંદનના ઝાડ કાપી તસ્કરો ફરાર

સ્થાનિક જાણ ભેદુ હોવાની શંકા : રાજપીપળા પોલીસમાં કરી ફરિયાદ



રાજપીપળા : નાંદોદ તાલુકાના પોઈચા અને નરખડી હનુમંતેશ્વર મંદિરના ચોકમાં આવેલ ૨૫ વર્ષ જૂનું ચંદનનું ઝાડ કોઈ અજાણ્યા શકશો દ્વારા રાત્રીના કાપીને લઈ જતા એકજ રાતમાં બે ઝાડની ચોરી થવા પામી છે આ બાબતે મંદિરના મહંતે રાજપપીળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી .

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લામાં છેલ્લા છ મહિનામાં ૧૨ થી વધુ ચંદનના ઝાડ કાપી તસ્કરો લઈ ગયા, આમ તસ્કરો રેકી કરી ચંદનના ઝાડ પરિપકવ બન્યા બાદ ઝાડને રાત્રીના સમયે કાપી જેને ઉંચી કિંમતે વેચી રહ્યા છે, ઝાડ કાપી ચોરી કરી લઈ જવું બહુ મોટો ગુનો નથી કદાચ એટલે એક સક્રિય ગેંગ ચંદનના ઝાડ પર જ ટાર્ગેટ કરે છે, અગાઉ રાજેન્દ્ર નગર સોસાયટી, લક્ષ્મીનારાયણ મંદિર, વિશ્વકર્મા મંદિર પાસે તેમજ વન વિભાગની કચેરીના કેમ્પસ માંથી એક સાથે ૮ જેટલા ચંદન ના ઝાડ મળી કુલ ૧૬ જેટલા ઝાડ કાપી ચુક્યા છે અને ગત રાત્રીના પોઈચા ખાતે એક વાડામાં ચંદનનું ઝાડ હતું એ અને નરખડી હનુમંતેશ્વર મંદિરના કમાઉન્ડમાં ૨૫ વર્ષ જૂનું ચંદનનું ઝાડ હતું જે એકદમ પરિપક્વ બની ગયું હતું, તેને ઈલેક્ટ્રિક સાધન વડે થડમાં થી કાપી ગણતરીની મિનિટોમાં કાપીને લઈ ગયા. આમ આ બાબતે નર્મદા પોલીસે આ ચંદન ચોરોને પકડવા જરૂર કઈ કરવું જોઈએ નહીતો જિલ્લામાં રહેલા બાકીના ચંદન ના ઝાડો પણ કપાઈ જશે એમ લાગી રહ્યું છે .

નર્મદા જિલ્લાના ગઢ ગામના ૯૦૦ થી વધુ લોકોએ કર્યો હતો મતદાન બહિષ્કાર : બાદમાં મતદાન કર્યું

ગામના ડામર રોડની કામગીરી ૨૫ એપ્રિલ સુધીમાં ચાલુ કરાવી આપવાની ખાત્રી આપ્યા બાદ બપોરના ૧૨ વાગ્યા પછી મતદાન કરવાની શરૂઆત થઈ હતી

દેડીયાપાડા તાલુકાના ગઢ ગામે રસ્તાને લઈને ગ્રામજનોએ લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરતા રાજકીય આલમ સહિત વહીવટી તંત્રમા દોડધામ સાથે ખળભળાટ મચ્યો હતો બાદમાં રસ્તો બનાવી આપવાની બાંહેધરી મળતાં કર્યું મતદાન



રાજપીપળા : નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના ગઢ ગામે ડામર રોડ બનવવાની કામગીરી હાથ ધરવામાં નહી આવતા ૨૩ એપ્રિલના રોજ મતદાનના દિવસે જ ગ્રામજનોએ લોકસભા ચૂંટણીનો બહિાર કરતા તંત્ર તેમજ રાજકીય આલમમાં દોડધામ મચી ગઈ હતી.

ગઢ ગામના લોકોનુ કહેવું હતું કે ડામર રસ્તો બનાવવાની કામગીરી છેલ્લા ત્રણ વર્ષથીથી બંધ છે જ્યારે નજીકના બેસણા ગામમાં રસ્તો બનાવવામાં તંત્રને આચાર સહિતા નડતી નથી તો અમારા ગામના ડામર રસ્તાના વિકાસ કામને આચારસહિતાનુ ગ્રહણ કેમ નડી રહ્યું છે..? આ ગામને વિકાસની ઝંઝાવાતથી કેમ દુર રાખવામાં આવી રહ્યો છે આ ગઢ ગામમા ૯૩૫ મતદારો છે આ ગામમાં વહેલી સવારથી જ મતદાનની પ્રક્રિયા ચાલુ કરી દેવામા આવી હતી પરંતુ મતદાન પૂર્વ ગામ લોકોએ મતદાન બહીષ્કારની ચીમકી ઉચ્ચારી મતદાન કરવાથી અળગા રહેતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી .

બાદમા આ ઘટનાની જાણ મામલતદાર, ટીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓને થતા તેઓ તાત્કાલિક ધટના સ્થળ પર દોડી આવી ગ્રામજનોને મતદાન કરવા સમજાવ્યા હતા આ સમયે નર્મદા જિલ્લા પંચાયતના માજી જિલ્લા પ્રમુખ શંકર વસાવા પણ આવી પોહચ્યા હતા અને તેમણે ગ્રામજનો સમક્ષ ડામર રોડના કોન્ટ્રાકટર ઈજારદારને ટેલિફોનીક વાતચીત કરી ગામના ડામર રોડની કામગીરી ૨૫ એપ્રિલ સુધીમાં ચાલુ કરાવી આપવાની ખાત્રી આપ્યા બાદ બપોરના ૧૨ વાગ્યા પછી ગામલોકોએ મતદાન કરવાની શરૂઆત કરતા તંત્ર એ હાશકારો અનુભવ્યો હતો.

દેશ હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે નર્મદા જિલ્લામાં હજુ અંધશ્રદ્ધા યથાવત છે!



ગરુડેશ્વરના ગભાણા ગામમાં તમે મેલી વિદ્યા જાણો છો કહી હુમલા બાદ જાનથી મારી નાખવાની ધમકી

રાજપીપળા : નર્મદા જિલ્લાના કેટલાક અંતરિયાળ ગામોમાં આજના વિજ્ઞાન યુગમાં પણ અંધશ્રદ્ધા હજુ યાથવત છે ત્યારે આવા ગામોમાં જાગૃતિ ખુબ જરીરી જણાય છે.

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ગભાણન ગામમાં આવોજ એક અંધશ્રદ્ધાનો કિસ્સો સામે આવ્યો જેમાં રણછોડભાઈ નારણભાઈ તડવીની પત્ની સાથે પોતાના ઘરે હાજર હતા તે વખતે ગામના સતીશ ઈશ્વર તડવી અને અર્જુનભાઈ નામના વ્યક્તિ એ રણછોડભાઈ ને જણાવ્યું કે મારી મ્મમી બીમાર રહે છે તમો મેલી વિધ્યા જાણો છો તેને સારી કરીદો તેમ કહી ગમે તેમ મા બેન સમાણી ગાળો બોલતા તેને સમજાવવા જતા આ સામાવાળા એક્દમ ઉશ્કેરાઇ જઈ રણછોડભાઈ સાથે ઝપાઝપી કરી લોખંડની ટામી થી બરડાના મારી દઈ આ ઝગડામાં પારવતીબેન વચ્ચે પડી છોડાવવા જતા તેને પણ શરીરે સપાટા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોય આ બાબતે રણછોડભાઈ એ કેવડિયા પોલીસ સ્ટેશને સતીશ અને અર્જુન વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

બાળકો સાથે દુષ્કર્મ અંગેના કાયદા હેઠળ મૃત્યુ પર્યંત આજીવન કેદની સજા ફરમાવતી ભરુચ પોકસો અદાલત

આશરે બે સવા બે વર્ષ પહેલા ભરુચ જિલ્લા ના ઝગડિયા મુકામે રહેતા ફરિયાદી બહેનની જન્મથી મૂંગી અને બહેરી ૧૧ વર્ષીય પુત્રી (ભોગબનનાર) બપોરના સમયે જમીને પોતાના ઘર થી થોડે દૂર ખેતરના પગદંડી વાળા રસ્તે થઈ ઝાડી તરફ કુદરતી હાજતે ગયેલી તે વખતે આરોપી અશોકભાઈ ભીખાભાઈ વસાવાનોએ ભોગબનનાર બહેરી મૂંગી હોય અને એકલી હોય તે બાબતનો લાભ ઉઠાવી તેણી સાથે દુષ્કર્મ આચરેલ.

ભોગબનનારને આવવામાં વાર લગતા ફરિયાદી તેણીની માતા તેણીની શોધ અર્થે તે તરફ ગયેલી તે વખતે આરોપી ભોગબનનાર સાથે પગદંડીના રસ્તેથી ચાલતો આવતો હતો અને ભોગબનનારના કપડાં અને લેંધી લોહી વાળા હતા અને તેણી રડતી હતી તેથી ફરિયાદીએ આરોપીને બોગબનનાર સાથે શું કર્યું એમ પૂછતા આરોપી અશોક વસાવા ત્યાંથી નાસી ગયેલો. ત્યારબાદ ભોગબનનારને લઈ તેણીની માતાએ ઝઘડીયા પોલીસ સ્ટેશનમાં આ બાબતની ફરિયાદ નોંધાવેલી. જે બાબતની તપાસ કરી તેમાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(આઈ),તથા પોકસો કાયદાની કલમ ૪ અને ૬ મુજબના ગુના સબબ ચાર્જશીટ કરી પોકસો અદાલતને સાદર કરેલ. ત્યારબાદ સદર કેસ ભરુચ પોકસો અદાલતમા ચાલવા અર્થે આવતા સરકાર તરફે મદદનીશ જિલ્લા સરકારી વકીલ તથા વધારાના પબ્લિક પ્રોસિક્યુટર આર. જે. દેસાઈએ હાજર થઈ કેસ ચલાવેલ. નામદાર કોર્ટ દ્વારા ફરિયાદ પક્ષનો પુરાવો તથા મદદનીશ જિલ્લા સરકારી વકીલ તથા વધારાના પબ્લિક પ્રોસિક્યુટર વકીલ આર.જે.દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખી મહેરબાન ભરૂચના એડિશનલ સેશન્સ જજ (સ્પે. પોકસો જજ) એસ. વી. વ્યાસ સાહેબે આરોપીને તકસીરવાર ઠેરવી પોતે ત્રણ સંતાનો નો પિતા હોવા છતાં એક બહેરી મૂંગી ૧૧ વર્ષની બાળા સાથે દુષ્કર્મ કરનારના આવા જઘન્ય અપરાધ અંગે સમાજમાં દાખલો બેસે તેવી મહત્તમ એવી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(આઈ) મુજબ મૃત્યુપર્યત આજીવન કેદ યાને કે છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા આજે તા. ૨૫.૦૪.૨૦૧૯ના રોજ ફરમાવી છે.

લોકસભા ચૂંટણી પૂરી થઈ ગઈ હવે સુરતના લોકો પર ભર ઉનાળે પાણી કાપનું સંકટ

ઉકાઈ ડેમમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સ્થિતિ મુજબ સુરત શહેરમાં પાણી કાપ મૂકાવાની શક્યતા : સવારથી અડાજણ વિસ્તારમાં વીજળી બંધ

સુરત

સુરત શહેરમાં લોકસભાની ચૂંટણી ગત તા. ૨૩મીએ પૂર્ણ થયાં બાદ પાણી અને વીજળી કામ શરૂ થઈ ગયો છે એમ કહેવાય છે કે ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદારો દ્વારા વ્યાપક પ્રમાણમાં પાણી-વીજળી કાપનો વિરોધ કરે એને ધ્યાનમાં રાખીને ઉકાઈ જળાશયમાં પાણીના પુરવઠો ઓછો હોવા છતાં પણ સુરત મહાનગરપાલિકા દ્વારા નિયમિત પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હતો. તેમજ જીઈબી, ટોરેન્ટ પાવર દ્વારા પણ વીજળી કાપ કરવામાં આવતો ન હતો.હવે ચૂંટણી પત્યા બાદ સુરતની પ્રજાના માથે ભર ઉનાળે પાણી-વીજ કાપનું સંકટ ટોળાઈ રહ્યું છે. આજે સવારથી જ અડાજણ સહિતના વિસ્તારોમાં વીજળી ગુમ થઈ ગઈ હતી.

ઉકાઈ ડેમમાં પાણીની સ્થિતિ જોતા આગામી દિવસોમાં સુરત શહેરમાં પાણીની વિકટ સમસ્યા ઊભી થશે. ઉનાળા સમય દરમિયાન જરૂરિયાત કરતા ઓછુ પાણી સપ્લાય થશે એ વાત ચોક્કસ છે.

સુરત મહાનગરપાલિકા ના સૂત્રોના જણાવ્યા મુજબ જળ સંકટને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં ફરજિયાત પાણી કાપ મૂકવા જ પડશે.

પાલેજ નજીક ટ્રકમાં ભીષણ આગ લાગતા ભારે દોડધામ મચી જવા પામી હતી...



ને.હાઈવે નંબર ૪૮ પર પાલેજ નજીક આવેલી હોટલ રામદેવ પાસે પાર્ક કરતી વેળા એક ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી જવા પામી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ને.હાઈવે પર પાલેજ નજીક આવેલી હોટલ રામદેવ પાસે ગત મોડી સાંજે મુંબઈ થી દિલ્હી કાર્ટુનો ભરીને જઈ રહેલી એક ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.

ભીષણ આગના પગલે આખેઆખી ટ્રક આગમાં લપેટાઈ જવા પામી હતી. આગને પગલે ધુમાડાના ગોટેગોટા આકાશ તરફ ઉંચે ચડતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સદનસીબે આગ લાગી ત્યારે ચાલક તથા ક્લિનર ટ્રકમાંથી કૂદી પડતા બંનેનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી અકબંધ રહેવા પામ્યું છે. પરંતુ લાગેલી આગમાં લાખોના નુકસાનની આશંકા સેવાઈ રહી છે...

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847